# નાતાલની વાતો



- સુરેન્દ્ર આસ્થાવાદી

97.
3BGN2

નાતાલની વાતો

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

# નાતાલની વાતો

સુરેન્દ્ર આસ્થાવાદી

◆ નાતાલની વાતો

◆ લેખક : સુરેન્દ્ર દાઉદભાઈ આસ્થાવાદી

◆ પ્રકાશન સમય : ડિસેમ્બર ૧૯૯૮

◆ પ્રત : ૧૦૦૦ નકલ

◆ મૂલ્ય : રૂ.૧૦.૦૦

◆ © સર્વાધિકાર લેખકને સ્વાધીન

◆ પ્રકાશક :
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી, અમદાવાદ

◆ મુદ્રક :
જેન્સન કોમ્પ્યુટર્સ, અમદાવાદ-૮
ફોન : ૨૧૬૨૪૪૧

◆ પ્રાપ્તિસ્થાન :
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
એલિસબ્રિજ, અમદાવાદ-૬.

## લેખકનું નિવેદન

આ પુસ્તક 'નાતાલની વાતો' પ્રસિદ્ધ થયાને લીધે હું હર્ષની લાગણી અનુભવું છું.

નાતાલ તો જગતના તારનાર પ્રભુ ઈસુનો જન્મદિવસ છે. એ તહેવારનું સ્થાન અનોખું છે. આવા શુભ દિવસના સંદર્ભમાં વાતો લખવાનો મારો ઈરાદો આ પ્રકાશનથી સફળ થાય છે.

ઉજવણીના આ યાદગાર દિવસે આકાશમાં નવો તારલો ઊગ્યો હતો. પૂર્વ દેશના માગી જનો એને તેજે તેજે બાળ ઈસુનું દર્શન કરવા આવ્યા હતા. વળી ગૌરવી પ્રકાશ નિહાળીને સીમમાંથી ભરવાડો આવ્યા હતા. તેમણે ઈસુની ભક્તિ કરી હતી. આકાશમાં દૂતોએ સ્વર્ગીય ગાન ગજાવ્યાં હતા. આ બનાવોનું સંક્ષિપ્ત વર્ણન આ પુસ્તકની વાતોમાં કરવામાં આવ્યું છે.

પ્રભુ ઈસુને બાળકો ખૂબ પ્રિય હતાં. તેમણે કહ્યું છે કે "બાળકોને મારી પાસે આવવો દો. તેઓને વારો નહિ. કેમ કે આકાશનું રાજ્ય તેમના જેવાંઓનું છે.'' એને અનુલક્ષીને પ્રેમ, સેવા, સમર્પણ અને બંધુતા જેવી ભાવનાઓની ખીલવણી થાય એ આશયથી મોટે ભાગે આ વાતો બાળકોને માટે લખવામાં આવી છે. એમાંની ઘણી વાતો "બાલવાડી''માં પ્રસિદ્ધ થયેલી છે. એ પ્રસિદ્ધિ બદલ તંત્રી શ્રી મનુભાઈ કામદારનો હું આભાર માનું છું.

ટ્રાક્ટ સોસાયટીના ભૂતપૂર્વ સેક્રેટરી શ્રી ઈમાનુએલ ક્રિસ્ટીએ આ સંગ્રહને પ્રસિદ્ધ કરવાની ઈંતેજારી દર્શાવી હતી. તેમનો પણ હું આભારી છું.

હાલના સાહિત્યપ્રેમી સેક્રેટરી પ્રિન્સિપાલ શ્રી ભગવતપ્રસાદ ચૌહાણ મારા શિક્ષાગુરુ છે. આ પુસ્તકને પ્રકાશિત કરવામાં તેઓશ્રીએ ખૂબ જ આતુરતા, ઉતાવળ અને આત્મીયતા દર્શાવેલાં

છે. અને તેઓશ્રીએ પુસ્તકની પ્રસ્તાવના લખેલી છે એની નોંધ લેતાં તેમના તરફથી મળેલી પ્રેરણા અને ઉત્તેજનને લીધે તેઓશ્રી પ્રત્યે અહોભાવ વ્યક્ત કરું છું.

બાળકો માટે લખાયેલું આ પુસ્તક બાળપ્રેમી પ્રભુ ઈસુ ખ્રિસ્તની સ્તુતિ કરતાં, પ્રભુનાં પેગંબરો જેવાં બાળકોને અર્પણ કરું છું. નાતાલના પ્રસંગનું સ્મરણ કરતાં સૌ વાચક ભાઈબહેનો તથા બાળકોને આ વર્ષે અને આગામી વર્ષોમાં આવનાર નાતાલ અને નવા વર્ષની હાર્દિક મુબારકબાદી પાઠવું છું.

તહેવારના એ દિવસો સૌને માટે આશીર્વાદોથી ભરપૂર બની રહે એવી શુભેચ્છા અને પ્રાર્થના સાથે આ નિવેદન સમાપ્ત કરું છું.

૩/એ નૂતન આદર્શ સોસાયટી,
સ્ટેશન પાછળ, પો. નડિયાદ ૩૮૭ ૦૦૨
તા. ૭-૧૨-૯૮

**સુરેન્દ્ર આસ્થાવાદી**

## આવકાર અને અભિનંદન

નાતાલના પર્વે જન્મનાર બાળ ઈસુના આનંદપર્વનો મહિમા અનેરો છે. બાળઈસુના જન્મનો સૌથી મોટો આનંદ બાળકોને હોય એ સ્વાભાવિક છે.

પરંતુ થોડુંક દુઃખ જરૂર થાય કે બાળકોને ગમે એવું, બાળકોને વિકાસને પંથે દોરે તેવું, બાળકોને આનંદમાં તરબોળ કરે તેવું સાહિત્ય-ખ્રિસ્તી બાળકો માટેનું પ્રેરણાદાયી સાહિત્ય ખૂબ ઓછું છે. આ દ્રષ્ટિએ આપણા જાણીતા સાહિત્યકાર અને કવિશ્રી સુરેન્દ્રભાઈ આસ્થાવાદીની વાર્તાઓને સત્કારતાં આનંદ થાય એ સ્વાભાવિક છે.

બરોબર નાતાલના પર્વે જ આ પુસ્તિકા બહાર પડે તે એક બેવડા આનંદની વાત છે. દસેક પુસ્તકો જેમણે લખ્યાં છે અને સમાજને ખોળે મૂક્યાં છે તેવા આ કવિ હૃદયી સાહિત્યકાર વધુને વધુ પુસ્તકો લખે, ખાસ તો બાળકો માટે લખે એવી લાગણી અને માગણી અસ્થાને નહિ કહેવાય !

આ વાર્તાઓમાં ચાંદનીનો ચળકાટ છે અને તારાઓનો તો શું પણ આગિયાનો ઝબકાર છે !

ખૂબ પ્રેરક વિષયો અને વિચારો લઈને આવતી આ બાળ વાર્તાઓને આવકારતાં આનંદ થાય છે. ગુજરાતના ઘરેઘરમાં બાળ સાહિત્યનું આ અમૂલ્ય નજરાણું હોવું જોઈએ. ફરીથી આ સમર્થ લેખકને અમારાં અભિનંદન ! લેખક તરફથી જ રૂા.૮૦૦૦/-નું ઉમદા દાન આપ્યું છે તે માટે પણ હૃદયપૂર્વક આભાર.

**ભગવતપ્રસાદ ચૌહાણ**

*સેક્રેટરી*

તા. ૮-૧૨-૯૮

# અનુક્રમણિકા


| અ.નં. | વિષય | પાન નંબર |
|---|---|---|
| ૧. | હરિયાળી એદનવાડી | ૧ |
| ૨. | યિશાઈના વંશમાં આવેલા ઈસુ | ૩ |
| ૩. | ઈમાનુએલ | ૫ |
| ૪. | પ્રભુપુત્રની પધરામણી | ૭ |
| ૫. | ઘેટાં ઘેલાં બન્યાં | ૯ |
| ૬. | બાળ રાજાનાં દર્શને | ૧૨ |
| ૭. | પિન્ટુએ નાતાલ ઊજવી | ૧૪ |
| ૮. | સ્વર્ગના રાજકુંવર પૃથ્વી પર પધાર્યા | ૧૭ |
| ૯. | દૂતોનાં ગાન | ૨૦ |
| ૧૦. | ઈસુનું આગમન | ૨૨ |
| ૧૧. | ઈલાએ ઈસુજ્યંતી ઊજવી | ૨૪ |
| ૧૨. | નવરંગની નાતાલ | ૨૭ |
| ૧૩. | તારાનો તહેવાર | ૩૦ |
| ૧૪. | આગિયાના ઝબકારા | ૩૩ |
| ૧૫. | નવી રીતે નાતાલ ઊજવી | ૩૫ |
| ૧૬. | તારલિયાના તેજે | ૩૭ |
| ૧૭. | નાતાલનો નવો આનંદ | ૪૦ |
| ૧૮. | અજવાળાનું આગમન | ૪૨ |
| ૧૯. | ભયમુક્તિનું પર્વ | ૪૪ |
| ૨૦. | નાતાલની ભેટ | ૪૭ |
| ૨૧. | નાતાલનાં કાર્ડ | ૫૦ |

# ૧ હરિયાળી એદનવાડી

એક વિશાળ વાડી હતી. એનું નામ એદન. તેમાં રંગબેરંગી ફૂલ અને હરિયાળાં વૃક્ષ હતાં. એકને જોઈએ અને બીજાને ભૂલીએ એવાં. એમની ડાળીઓ ફળથી નમી પડેલી હતી. વાડીની વચ્ચે થઈને એક નદી વહેતી હતી. એમાંથી ઝરણાંઓ વહે અને આખીય વાડીને લીલીછમ રાખે. જોવાની ગમે અને રહેવાનું મન થાય એવી મઝાની. આ વાડી કોઈ મામૂલી માળીની ન હતી. પ્રભુએ પોતે જ એને બનાવી હતી. એ ખૂબ સુંદર હતી. ફૂલડાંની ફોરમ. ફળના ઢગલા. કુદરતી લીલોતરી અને ઝરણાંનો ધમકાર.

પછી પ્રભુએ એક પુરુષ અને સ્ત્રીને બનાવ્યાં. આ વાડી તેમને રહેવા આપી. એમનું નામ આદમ અને હવા. તે જગતનાં પહેલવહેલાં નરનારી હતાં. તેઓ વાડીમાં રહે. પ્રભુનું ભજન કરે અને લીલાલહેર કરે.

એક દિવસ એમણે મોટી ભૂલ કરી. વાડીની વચ્ચેના એક વૃક્ષનું ફળ ખાવાની પ્રભુએ તેમને ના પાડી હતી. એ ફળ દેખાવમાં સુંદર હતું. તે ફળને તેમણે ખાઈ લીધું અને પાપ કર્યું. પ્રભુને એ ગમ્યું નહિ. પ્રભુએ એમને એદનવાડીમાંથી કાઢી મૂક્યાં. આમ જગતમાં પાપનો પ્રવેશ થયો. તેમનાં સંતાનોને પણ વારસામાં પાપ મળ્યું. વસતી વધતી ગઈ. પાપનો ફેલાવો થતો ગયો. લડાઈ અને ઝઘડા, મારામારી અને કાપાકાપી, અશાંતિ અને અજંપો વધી પડયાં. લોક એકબીજાના દુશ્મનો બની બેઠા.

એદનવાડીના પવિત્ર વાતાવરણને બદલે હવે દુનિયા

રણમેદાન જેવી થઈ ગઈ. આવું થવાથી ઈશ્વરને પોતાના લોક પર પાછી દયા આવી. તેમણે માણસો પર વહાલ બતાવ્યું. લોકોની વચ્ચે આવીને રહેવા માટે તે પોતે માણસ બન્યા. અને બાળ સ્વરૂપે જન્મ લઈને પૃથ્વી પર આવ્યા.

માણસને માટે તેમણે સુંદર એદનવાડી બનાવી હતી. પણ પોતાને માટે કશુંય નહિ. એક ગંદી ગભાણમાં અવતર્યા. માણસ તરીકે તેમનું નામ ઈસુ પાડવામાં આવ્યું. એમનો જન્મ દિવસ એટલે નાતાલનો તહેવાર. પ્રભુ પોતે પૃથ્વી પર પધાર્યા. ત્યારે સીમમાં ભરવાડ હરખાઈ ગયા. પૂર્વમાં એક નવો તારલો ઊગ્યો અને ગગનમાં દૂતોએ ગીતો ગાયાં.

આદમ હવાનાં સંતાનમાં આનંદ આનંદ થઈ ગયો. કેમ કે તેમને પાપમાંથી બચાવવા માટે પ્રભુ પોતે આવ્યા હતા.

ઈસુ માણસોની વચ્ચે રહ્યા. તેમનાં સુખદુઃખમાં અને જીવનમાં રસ લીધો. તેમના પર પ્રેમ બતાવ્યો અને તેઓને માટે ફરી પાછી હરિયાળી એદનવાડી તૈયાર કરી. એમાં શાંતિ છે, આનંદ છે અને પ્રભુનો વાસ છે. આજે પણ પ્રભુ પોતે માણસોને એ એદનવાડીમાં વસવા બોલાવી રહ્યા છે.

# ૨ યિશાઈના વંશમાં આવેલા ઈસુ

**આ**દમ નામે એક પુરુષ હતો. તેનું કુટુંબ મોટું હતું. તેઓને વસવા માટે સારું આશ્રયસ્થાન ન હતું. ઉનાળામાં તપી જવાય, શિયાળામાં ઠંડી વાય. અને ચોમાસામાં વરસાદથી પલળવાનું થાય. એ પ્રદેશમાં છાંયો ન હતો. વસવાટ અને વિસામા માટે ઘર બાંધવાની અનુકૂળ જગ્યા ન હતી. શરીર ઉપરાંત એમના આત્માને માટે પણ વિસામો ન હતો.

છાયા, હૂંફ અને વિસામા માટે આદમ કુટુંબકબીલા સાથે વૃક્ષોવાળી જગ્યાની શોધમાં નીકળ્યો. તંબુમાં મુકામ કરતાં કરતાં તે આગળ ચાલ્યો. સારી જગ્યાની શોધમાં અહીં તહીં ફરતાં ફરતાં જૂના સમયના એક ઝાડનું ઠૂંઠું તેના જોવામાં આવ્યું. કોણજાણે કેમ પણ તેમાંથી ભવિષ્યમાં ફણગો ફૂટશે અને વૃક્ષ થશે એવો વિશ્વાસ તેને બેઠો. એટલે છાયા અને વિસામાની આશામાં તેણે ત્યાં જ પડાવ નાખ્યો.

એક સાંજે પ્રાર્થના વખતે બાઈબલમાંથી યશાયા પ્રબોધકનું પુસ્તક આદમના વાંચવામાં આવ્યું. તેમાં એક જગ્યાએ પ્રબોધકે આગાહી લખેલી હતી કે, 'યિશાઈના ઠૂંઠામાંથી ફણગો ફૂટશે અને તેની જડમાંથી ઊગતી એક ડાળીને ફળ લાગશે.' આ યિશાઈ તો રાજા દાવિદના પિતા થતા હતા. બાઈબલની વાત તપાસતાં આદમને સમજાયું કે યિશાઈના વંશમાં તારનાર ઈસુનું આગમન થશે. તે માણસજાતના આશ્રય થશે.

પેલા વૃક્ષના ઠૂંઠામાંથી ફણગો ફૂટીને વિશાળ વૃક્ષ બને અને એની છાયામાં કુટુંબને વિસામો મળે એવા વિશ્વાસમાં આદમ દિવસો

પસાર કરતો હતો. તે સાથે આ વાચન દ્વારા આત્મિક વિસામા માટે પણ તેને વિશ્વાસ બેઠો. વચન પર વિશ્વાસ રાખીને તેણે યિશાઈના વંશમાં આવનારા તારનારની રાહ જોવા માટે સ્વજનોને શિખામણ આપી. તેનું આયુષ્ય પૂરું થવા આવ્યું. ત્યારે તેણે પોતાનાં સંતાનોને તારનારની આશા રાખવા અને પ્રભુ તરફથી મળનારા સાર્વકાલિક વિસામાનો વિશ્વાસ રાખવાની સલાહ આપી. પૃથ્વી પરના તેના દિવસો પૂરા થતાં તે પ્રભુમાં ઊંઘી ગયો.

કેટલાક દિવસો પછી પ્રભુનું કરવું કે એક દિવસ પેલા થડના સૂકા ઠૂંઠામાંથી આશ્ચર્યજનક રીતે એક લીલોછમ ફણગો ફૂટયો. પછી વખત જતાં તેમાંથી એક મોટું ઘટાદાર વૃક્ષ બન્યું. તેને ડાળીઓ ફૂટી. અને એ ડાળીઓને મજાનાં ફળ લાગ્યાં. આમ આદમના વંશજોની આશા પૂર્ણ થઈ. તેઓ હરખાઈ ગયા. એ વૃક્ષ નીચે તેમને સલામતી અને આશ્રય મળ્યાં.

હવે આદમનાં સંતાનો યિશાઈના વંશમાં આવનારા તારનારની આશા રાખી રહ્યાં હતાં. વર્ષો પછી સમય પૂરો થતાં એ આશા પણ પૂરી થઈ. યિશાઈના પુત્ર દાવિદ રાજાની અઠ્ઠાવીસમી પેઢીએ યુસફના કુટુંબમાં પ્રભુ ઈસુ પોતે માનવરૂપે આવ્યા. પવિત્ર આત્માને યોગે માતા મરિયમને પેટે બેથલેહેમમાં તે જનમ્યા. આમ આદમનાં સંતાનોના વિસામા માટે યિશાઈના વંશમાં ફણગો ફૂટયો અને ડાળી ઊગી.

એ ફણગો ફાલતો ગયો. તેમાંથી મોટું ઘટાદાર વૃક્ષ બન્યું. તેની ડાળે ડાળે ફળ લાગ્યાં. આ વૃક્ષ એ જ પ્રભુ ઈસુ ખ્રિસ્ત. તેમની છાયામાં દુઃખી અને દીન જનોને વિસામો મળ્યો. તેમણે તેઓ પર છાયા કરી અને તેમનું તારણ કર્યું. હવે આદમનાં સંતાનોને છાયા અને વિસામાની શોધમાં આમ તેમ ફરવું પડતું નથી. તેમને વિસામાનું સલામત સ્થળ મળી ગયું છે.

# ૩ ઈમાનુએલ

ઈસુ એ જ ઈમાનુએલ. ઈમાનુએલ શબ્દનો અર્થ 'ઈશ્વર આપણી સાથે' એવો થાય છે. ઈસુ શબ્દનો બીજો એક અર્થ તારનાર પણ થાય છે.

ઈસુ પરમેશ્વરના એકના એક પુત્ર હતા. અહીં પૃથ્વી પર પાપોનો ભાર વધી ગયો હતો. અને માણસોને શેતાને દબાવી દીધાં હતાં. એથી ઈશ્વરે મનુષ્યોના તારણનો ઉપાય કર્યો. એના અમલ માટે ઈસુ ખ્રિસ્ત આવ્યા. માણસોને તારવા માટે તે સ્વર્ગમાંથી પૃથ્વી પર પધાર્યા. તેમના આગમનમાં પરમેશ્વર પિતાનો માણસો પ્રત્યેનો ભરપૂર પ્રેમ દેખાઈ આવે છે.

જે દિવસે ઈસુએ જગતમાં બાળસ્વરૂપે જન્મ ધર્યો એ દિવસ નાતાલ તરીકે ઊજવાય છે. ઈસુ પૃથ્વીમાં માણસો સાથે વસવા આવ્યા અને પોતાના નામનો અર્થ સાર્થક કરી બતાવ્યો.

ઈસુ જન્મ્યા ત્યારે તેમનાં માતા મરિયમ અને પાલક પિતા યોસેફને અતિશય આનંદ થયો. સંતો અને ભક્તોએ તેમનું ભજન કર્યું. પૂર્વના દેશમાંથી ત્રણ માગીજનો આવ્યા. તેઓએ કિંમતી અર્પણોથી ઈસુની આરાધના કરી.

ઈસુના જન્મને લીધે પૃથ્વી આનંદથી ભરપૂર થઈ ગઈ. થાય જ ને ? કારણ કે પૃથ્વી નિસાસા નાખતી હતી. તે પોતાના ઉધ્ધારનારની રાહ જોઈ રહી હતી. એવા સમયે ઈસુનું આગમન થયું. તેમણે આવીને પૃથ્વી પરનાં પાપનો ભાર હઠાવી દીધો.

માણસોને નવું જીવન, નવું જોમ અને નવી આશા આપ્યાં. ઈસુના જન્મના સમાચાર એટલે વધામણીની વાત. દૂતે વધામણીની એ વાત પૃથ્વીના પટ પર ફેલાવી દીધી. એ વાત આ પ્રમાણે છે : કેમ કે આજે દાવિદના શહેરમાં તમારે સારુ એક તારનાર એટલે ખ્રિસ્ત પ્રભુ જન્મ્યા છે.

આ તારનાર એ જ ઈસુ અને ઈસુ એ જ ઈમાનુએલ. પ્રભુ ઈસુ આ પૃથ્વી પર આપણી સાથે રહેવા આવ્યા અને ઈમાનુએલ એટલે જ ઈશ્વર આપણી સાથે.

આવો, ઈમાનુએલ અમે આપને અમારી સાથે રહેવા માટે આવકારીએ છીએ.

# ૪ પ્રભુ પુત્રની પધરામણી

હનોખ નામે એક માણસ હતો. તે આ પૃથ્વી પર ફરવા નીકળ્યો. તેણે જોયું તો પૃથ્વી વેરાન જેવી હતી. જમીન સુકાઈ ગઈ હતી. જંગલ ઉજ્જડ હતાં. બાગનાં વૃક્ષ અને છોડનાં ફૂલપાન ખરી પડયાં હતાં. બધે એવું જ હતું.

હનોખે માણસો જોયાં. પાપને લીધે તેમના હાથ પગ લથડી ગયા હતા. તેઓ લંગડા અને બહેરા બની ગયા હતા. તેમની જીભ બોલતી બંધ થઈ ગઈ હતી. અને આંખો બંધ થઈ ગઈ હતી. માણસો માટે પૃથ્વીથી સ્વર્ગે જવાનો કોઈ માર્ગ ન હતો.

એક સાંજે શાસ્ત્ર વાંચતાં પ્રબોધક યશાયાહનું પુસ્તક તેના વાંચવામાં આવ્યું. તેમાં પ્રબોધકે લખ્યું હતું કે વન આનંદ કરશે. સૂકી ભૂમિ હરખાશે. અને પૃથ્વી પર પ્રભુ ઈસુનું આગમન થશે. એ વાંચવાથી હનોખને આશા બંધાઈ. તેનો ઉત્સાહ વધ્યો.

બીજે દિવસે હનોખ આગળ વધ્યો. તેણે જોયું તો સુકાયેલા ઝરા પાણી માટે તલસતા હતા. ઝાડ ખીલવા માટે ઝંખતાં હતાં. માણસો તારનારની રાહ જોઈ રહ્યાં હતાં. આમ, આખી પૃથ્વી પોતાના ઉધ્ધારનારની આશામાં હતી. સંજોગો એવા હતા ત્યારે, હનોખની મુસાફરી ચાલુ હતી, એવામાં નિયત સમય આવી ગયો. અને પરમેશ્વરે પોતાના પુત્ર ઈસુ ખ્રિસ્તને પૃથ્વી પર મોકલ્યા.

પ્રભુપુત્રની પધરામણી થવાથી પૃથ્વી હરખાઈ ગઈ. દૂતોએ ગગનમાં ગીતો ગાયાં. તારાએ અજવાળાથી આવકાર કર્યો. સૂકી

ભૂમિ હવે હરિયાળી બની ગઈ. જંગલ ગુલાબની માફક ખીલી ઊઠયાં. હનોખના હરખનો પાર રહ્યો નહિ.

ઈસુએ નવાકરારના સમયના આ હનોખને તથા માણસોને નવું જીવન આપ્યું. તેઓના હાથ અને પગમાં જોર આપ્યું. તે વખતના અપંગોને અંગો આપ્યાં. અંધજનોને દૃષ્ટિદાન આપ્યાં. મૂંગાઓની જીભને વાચા આપી અને પાપીઓનો બચાવ કર્યો. બધાં નાચવા અને કૂદવા લાગ્યાં. નવી આંખોથી તેમણે ઈસુનાં દર્શન કર્યાં. અને જીભથી ભજનો ગાયાં. માણસોની સાથે હનોખે પણ પ્રભુનું ભજન કર્યું. તેના પગોમાં નવું જોમ આવ્યું.

પ્રભુપુત્રની પધરામણી થઈ. તેથી પેલા પ્રબોધકની અગમવાણી પ્રમાણે પૃથ્વીની પરિસ્થિતિ પલટાઈ ગઈ. બધું સરખું થઈ ગયું. હવે હનોખને અહીંથી સ્વર્ગમાં જવાનું હતું. એનો ઉપાય પણ પ્રભુ ઈસુએ કર્યો. તેમણે પૃથ્વી અને સ્વર્ગની વચ્ચે સંબંધ સ્થાપ્યો અને માર્ગ તૈયાર કર્યો.

સાથીઓને 'આવજો' કહીને હનોખ એ માર્ગે સડસડાટ આગળ ચાલ્યો. પછી તેની પાછળ અન્ય લોકો પણ એ માર્ગે ચાલવા લાગ્યા.

# ૫ ઘેટાં ઘેલાં બન્યાં

રાતનું અંધારું જામ્યું હતું. ઠંડીનો ચમકાર હતો. ઘરમાં રહેનારાં થરથરતાં હતાં. તો ખુલ્લા ખેતરમાં મુકામ કરનારની તો વાત જ શી કરવી ? આવી કડકડતી ઠંડીમાં સીમમાં ભરવાડોનો મુકામ હતો. તેમનાં બકરાં બરાડીને તથા ઘેટાં બેં બેં કરીને હમણાં જ જંપ્યાં હતાં. જંપે નહિ તો કરે ય શું ? વેઠાય નહિ એવી કાતિલ ઠંડીમાં બિચારાં એકબીજાની હૂંફમાં પડી રહ્યાં હતાં. ઉપર ખુલ્લું આકાશ અને નીચે લીલીછમ ધરતી. વચ્ચે ઠંડા પવનના સપાટા.

ભરવાડો ભજન કરીને પરાણે હમણાં જ પોઢયા હતા. વાતાવરણ શાંત હતું. એવામાં આકાશમાં ખળભળાટ થયો. પ્રભુનો એક દૂત ત્યાં આવ્યો. તેણે સફેદ વસ્ત્રો ધારણ કરેલાં હતાં. એ દૂતે વધામણી આપી :

સૂણો ઘેટાંપાળક આજે,  
શુભસંદેશો છે તમ કાજે.  
દાવિદ કેરા શહેરમાં,  
નગર બેથલેહેમમાં,  
તારનાર ઈસુ જનમ્યા છે,  
બાળ બનીને આવ્યા છે.

બધે અજવાળું અજવાળું થઈ ગયું. પ્રકાશના ઢગલે ઢગલા. ભરવાડો સફાળા જાગી ઊઠયા. તેમની આંખોમાં તેજ ભરાઈ ગયાં. ઘેટાં ઊભાં થઈ ગયાં. ઊઠીને બેં... બેં... કરવા લાગ્યાં. અજવાળું જોઈને તે હેબતાઈ ગયાં.

ભરવાડો વિચારમાં પડયા કે આ શું થયું ? એટલામાં તો આકાશમાં દૂતોનાં ટોળાં ઊમટી આવ્યાં. તેમના ચહેરા ચળકાટવાળા હતા અને વસ્ત્રો ઉજળા દૂધ જેવાં હતાં. એવાં ઝળકે, એવાં ઝળકે કે જોનારાની આંખો અંજાઈ જાય ! પેલા ઊમટેલા દૂતો ગીત ગાવા લાગ્યા કે,

'મહાન પ્રભુનો મહિમા હો !'

ભરવાડો હરખાઈ ગયા. ઘેટાં ગેલમાં આવી ગયાં. બેં... બેં... અવાજ કરીને તેઓ પણ દૂતોના ગાનની સાથે ગીત ગાવા લાગી ગયાં.

દૂતો પાસેથી ઈસુના જન્મના સમાચાર સાંભળીને ભરવાડોનાં હૈયાં હરખથી નાચી ઊઠયાં. તેઓ નગરમાં જવા દોડવા લાગ્યા અને પેલાં ઘેટાં ? એ ઘેટડાં ઘેલાં બની ગયાં. છાનાંમાનાં બેસી રહે તો એ ઘેટાં શાનાં ? જ્યાં પાળક હોય ત્યાં જ ઘેટાં હોય ને ! તેઓ પણ પોતાના પાળક ભરવાડને પગલે પગલે દોડવા લાગ્યાં. આગળ ભરવાડો અને પાછળ ઘેટાં.

ઈસુનો જન્મ ગભાણમાં થયો હતો. ઘેટાં ત્યાં આવી ગયાં. તેઓ ગભાણને જોઈને અજાયબ થઈ ગયાં. તેમને લાગ્યું કે અમારે રહેવાને સ્થાને જ પ્રભુ ઈસુ જનમ્યા છે ! જાણે પ્રભુ ઈસુ ઘેટાંના વાડામાં ન આવ્યા હોય ! ગભાણમાં પોઢેલા પ્રભુને જોઈને ફરીપાછાં ઘેટાં ઘેલાં બની ગયાં. નાનાં ગાડરાં ગેલ કરીને કૂદવા લાગ્યાં. જુવાન ઘેટાં નાચવા અને સ્તુતિ કરવા લાગ્યાં. તથા મોટાં ઘેટાં પ્રભુનાં દર્શન કરીને ભજન કરવા લાગ્યાં.

બાળ ઈસુને જોઈને તેઓને ખાતરી થઈ કે અમારે માટે ભલા ભરવાડ પધાર્યા છે. તે અમને લીલા બીડમાં લઈ જશે, લીલો ચારો આપશે અને નિર્મળ ઝરામાંથી પાણી પીવડાવશે.

ઘેટાંના ભક્તિભાવને લીધે બાળ ઈસુ પણ તેમની સામે જોઈને હસવા લાગ્યા. જાણે એમ કહેતા ન હોય કે હું તમારે માટે ઉત્તમ ઘેટાંપાળક બનવા આવ્યો છું !

બાળ ઈસુનું હાસ્ય જોઈને વળી પાછાં ઘેટાં ગેલમાં આવી ગયાં. અને તેમણે ઈસુને પગલે ચાલવાનો નિર્ણય કર્યો. પછી તો ઈસુમાં ઘેલાં બનેલાં ઘેટાં પાછાં સીમોમાં ગયાં જ નહિ. ત્યારથી તેઓ પોતાના પાળક પ્રભુ ઈસુની પાછળ ચાલે છે.

જ્યાં ભરવાડ ત્યાં ઘેટાં !!

# ૬ બાળરાજાનાં દર્શને

ત્રણ માગીઓ હતા. તેઓ ખૂબ ડાહ્યા અને જ્ઞાની હતા. તેઓ ઈરાન દેશમાં રહેતા હતા. એક દિવસ આકાશમાં એક નવો તારલો ઊગેલો તેમના જોવામાં આવ્યો. ઝળહળતો નવો ઊગેલો આ તારો જોઈને તેઓને નવાઈ લાગી. ધર્મગ્રંથોના અભ્યાસ પરથી તેમને ખબર પડી કે આ તારો યહૂદીઓના રાજાના જન્મની વધામણી આપે છે.

માગીઓએ એ રાજાનું સ્વાગત અને દર્શન કરવા જવાનો નિર્ણય કર્યો. લાંબી મુસાફરી માટે સાંઢણીઓને શણગારી દીધી. વળી કિંમતી ભેટ તરીકે સોનું લીધું. સાથે સુગંધીદાર બોળ અને લોબાન પણ લીધાં. એની ઝોળીઓ ભરી. પછી સવારી કરીને સાંઢણીઓને હંકારવા માંડી. અને પેલા તારાની દિશામાં પ્રયાણ કર્યું.

લાંબી મુસાફરી પછી આ માગીઓ હેરોદ રાજાની પાટનગરી યરુશાલેમમાં આવી પહોંચ્યા. તેમણે રાજાને પૂછ્યું કે, 'હે રાજન, યહૂદીના જે રાજા જનમ્યા છે તે ક્યાં છે ? અમે પૂર્વમાં તેમનો તારો જોઈને તેમનું ભજન કરવા આવ્યા છીએ.'

હેરોદ હેબતાઈ ગયો. તેણે કહ્યું કે 'હેં ! રાજા ? શી વાત કરો છો ? કેવો રાજા અને કેવી વાત ?'

આ વાત નગરના લોકોના જાણવામાં આવી. તેથી આખું યરુશાલેમ શહેર ખળભળી ઊઠયું.

હેરોદને થયું કે આની જાણકારી તો મેળવવી જ પડશે. તેણે યાજકોને તથા ધર્મશાસ્ત્રના પંડિતોને બોલાવ્યા અને તેઓને પૂછી જોયું કે મસીહ એટલે ખ્રિસ્તનો જન્મ ક્યાં થવો જોઈએ ? યાજકોએ

મસલત કરી. શાસ્ત્રીઓએ શાસ્ત્રમાં શોધ કરી. સંદેશવાહક મીખાહના પુસ્તકને આધારે તેઓએ હેરોદને જણાવ્યું કે ઇઝરાયલના અધિપતિનો જન્મ બેથલેહેમમાં થવાનો છે. હેરોદે આ માહિતી માગીઓને આપી અને નવા જન્મેલા બાળરાજાનું દર્શન તથા ભજન કરીને પાછા વળતાં પોતાને મળીને જવા તેણે માગીઓને ખાસ જાણ કરી.

બેથલેહેમ તરફ જવા માટે માગીઓ યરુશાલેમ નગરની બહાર આવ્યા. ત્યાં તેમની અજાયબી વચ્ચે પેલો તારો પાછો તેમના જોવામાં આવ્યો અને હવે તો એ તારો તેમનો માર્ગદર્શક થઈને તેઓની આગળ સરકવા લાગ્યો. આગળ તારો અને પાછળ માગીઓ. આખરે બેથલેહેમ ગામની એક ગભાણ પર આવીને તારો સ્થિર રહ્યો. ત્યાંથી ના આગળ જાય કે ના પાછળ આવે !

માગીઓના જોવામાં આવ્યું કે ત્યાં ગભાણમાં પ્રભુ ઈસુનો જન્મ થયેલો હતો. માતા મરિયમ અને પાલક પિતા યોસેફ એમને લાડ લડાવતાં હતાં.

માગીઓ હરખઘેલા થઈ ગયા. પોતાની ઝોળીઓ છોડી નાખી. સોનું, બોળ અને લોબાનનાં નજરાણાં અરપીને માગીઓએ બાળરાજાનું ભજન કર્યું. તેમની મુસાફરી પ્રભુએ સરળ કરી દીધી. તેથી ઘણા દિવસોનો થાક ઉતારીને તેઓ નિરાંતે ઊંઘી ગયા. ઊંઘમાં સ્વપ્નમાં ઈશ્વરના દૂતે તેઓને હેરોદ પાસે ન જવા જણાવ્યું.

પ્રભુના જણાવ્યા પ્રમાણે માગીઓએ પાછા જવામાં પોતાનો રસ્તો બદલી નાખ્યો. યરુશાલેમને બાજુએ રાખીને બીજે દિવસે પોતાના દેશમાં જવા માટે તેઓ નીકળી ગયા.

બાળરાજાનાં ગીતો ગાતા ગાતા હેમખેમ તેઓ પોતાના વતનમાં પાછા આવી ગયા.

# ૭ પિન્ટુએ નાતાલ ઊજવી

પિન્ટુ નાતાલની રાહ જોઈ રહ્યો હતો. તેણે નવાં કપડાં સીવડાવ્યાં. નવા બૂટ લીધા. અને નવો પટો પણ ખરીદી લીધો. નાતાલના દિવસે એ બધું પહેરવા માટે સાચવીને મૂકી દીધું.

પિન્ટુ આઠમા ધોરણમાં ભણતો હતો. તેનાં માબાપની સ્થિતિ સારી હતી. તેઓ દીકરા પિન્ટુને લાડ લડાવતાં હતાં, તેની જરૂરિયાતો પૂરી પાડતાં હતાં અને તેની માગણી પ્રમાણેની ચીજવસ્તુઓ લાવી આપતાં હતાં. પિન્ટુ ડાહ્યો હતો, સદગુણી હતો અને તે તેનાં માબાપનો એકનો એક દીકરો હતો.

પિન્ટુને ઘણા ભાઈબંધો હતા. એમાં પૈસાદાર પણ હતા અને ગરીબ પણ હતા. જુદી જુદી જ્ઞાતિના અને જુદા જુદા ધંધાવાળા પણ તેના મિત્ર હતા. તેમાંના એક મિત્રનું નામ પંકજ હતું. તે ગરીબ માબાપનો પુત્ર હતો. ઘણી વખત જૂનાં કપડાં પહેરીને તે નિશાળે આવતો હતો. પરીક્ષામાં પાસ થઈને આગળના ધોરણમાં આવે ત્યારે તેને ઓછી કિંમતની જૂની ચોપડીઓ ખરીદવી પડતી હતી. વળી વધારે નાણાં ખરચવાની આર્થિક શક્તિ તેનાં માબાપ પાસે ન હોવાથી તે પ્રવાસમાં પણ જઈ શકતો ન હતો. કેટલીક વાર તેને ભૂખ્યા રહીને જ નિશાળે આવવું પડતું હતું અને થીંગડાંવાળાં કપડાં પહેરવાં પડતાં હતાં.

આવા પંકજના ભાઈબંધો કોણ થાય ? ઘણા શ્રીમંત છોકરાઓ તેનાથી અતડા રહેતા હતા. પણ પિન્ટુ તો ખૂબ જ સારી રીતે તેની મિત્રાચારી રાખતો હતો. પંકજ જ્યારે પિન્ટુના ઘેર આવે ત્યારે

પિન્ટુ તેને આવકારતો, નાસ્તો કરાવતો અને તેની સાથે રમત પણ રમતો. પિન્ટુનાં માતાપિતા પણ પંકજ પર હેતભાવ રાખતાં હતાં.

જેમ જેમ નાતાલનો દિવસ પાસે આવતો જતો હતો તેમ તેમ પિન્ટુના મનમાં હરખ સમાતો ન હતો. પેલું આસમાની રંગનું પાટલૂન અને એવા જ રંગનું ડિઝાઈનવાળું શર્ટ પહેરીને હું દેવળમાં જઈશ. પગમાં બદામી રંગનાં મોજાં અને એવા જ કલરના નવી ફેશનના બૂટ કેવા સરસ લાગશે ! એ ઉપરાંત મોંઘામાં મોંઘો પેલો પટ્ટો પણ મારી કમર પર કેવો સુંદર લાગશે ! મારો વટ પડશે અને દેવળમાં બધા મારી સામે જોઈ રહેશે ! એવા વિચારોમાં પિન્ટુ ખુશ થયા કરતો હતો.

એવામાં નાતાલનો દિવસ નજીક આવી ગયો. હવે તો એક જ દિવસ બાકી હોવાને લીધે પિન્ટુના હરખનો પાર ન હતો. તે નિશાળમાં ગયો. આવતી કાલે ઈસુ જયંતી હોવાને લીધે તે ખૂબ જ આનંદની સાથે મિત્રોને મળતો હતો. તેણે પંકજને શોધ્યો. પંકજ દરરોજ નિયમિત રીતે નિશાળે આવતો હતો. પણ આજે તે શાળામાં આવેલો ન હતો. તેથી પિન્ટુને ચિંતા થઈ. નિશાળમાંથી છૂટીને પંકજને ઘેર જવાનું તેણે નક્કી કર્યું.

નિશાળ છૂટતાં જ પિન્ટુ પોતાના મિત્ર પંકજની ખબર કાઢવા માટે તેને ઘેર પહોંચી ગયો. તેણે જોયું તો પંકજ પોતાના શરીર પર ટુવાલ વીંટાળીને બેઠો હતો. પિન્ટુને જોઈને તેને આનંદ થયો. પિન્ટુએ તેને આજે નિશાળે ન આવવાનું કારણ પૂછયું તો પંકજે જણાવ્યું કે મારી પાસે એક જ જોડ કપડાં છે. એ કપડાં આવતી કાલે નાતાલના દિવસે પહેરવા માટે મેં ધોઈને સૂકવેલાં છે. સુકાયા પછી તેને ઈસ્ત્રી કરવાની છે. એ સિવાય મારી પાસે બીજાં કપડાં ન હોવાથી આ ટુવાલ વીંટાળીને હું બેઠો છું. હવે તું જ કહે હું

નિશાળે કેવી રીતે આવી શકું ?

પંકજની આ સ્થિતિ જોઈને પિન્ટુ દુઃખી થયો. તે ઘેર ગયો અને નાતાલ માટે તૈયાર કરેલો તેનો પોષાક તેનાં માતાપિતાની પરવાનગી લઈને પંકજને આપવા માટે આવ્યો. પંકજે આનાકાની કરી. પણ મિત્રના આગ્રહને લીધે તેણે તે પોષાક સ્વીકાર્યો. અને તેનો આભાર માન્યો.

બીજે દિવસે નાતાલના તહેવારે પિન્ટુ દેવળમાં ગયો. ત્યારે તેના મિત્રને પોતાની સાથે જ બેસાડયો. તેને નવાં વસ્ત્રોમાં જોઈને તે રાજી થઈ ગયો. બંને મિત્રોએ સાથે બેસીને પ્રભુનું ભજન કર્યું. તેને થયું કે આજે મેં નાતાલની ઉજવણી યોગ્ય રીતે કરી છે. આજે જન્મેલા બાળ ઈસુએ મારું અર્પણ માન્ય કર્યું છે. એવી ખાતરી અને વિશ્વાસ થવાથી તે ખૂબ જ ખુશખુશાલ થઈ ગયો.

# ૮ સ્વર્ગના રાજકુંવર પૃથ્વી પર પધાર્યા

સ્વર્ગનો રાજદરબાર ભરાયો હતો. રાજાઓના રાજા ખુદ પરમેશ્વર પિતા મુખ્ય આસન પર બિરાજેલા હતા. બાજુમાં તેમના એકનાએક કુંવર ઈસુ ખ્રિસ્ત પણ સુશોભિત આસને બિરાજમાન હતા. આંખો અંજાઈ જાય એવા અજવાળાથી તેમનું મનોહર મુખ ઝળહળતું હતું. ચહેરા પર પવિત્રતાનું ચેતન ચમકતું હતું.

સામે પ્રભુના સેવકો, સંતો અને દૂતો આદરભાવથી બેઠેલા હતા. તેઓ મધુર ગીતના ગાયન દ્વારા પ્રભુની ભક્તિ કરતા હતા. સભાખંડ સુંદર લાગતો હતો. સુગંધી પદાર્થો તથા રંગબેરંગી કુસુમોથી તે મઘમઘતો હતો. ઠંડો મંદ મંદ પવન વાઈ રહ્યો હતો. અહીંથી જરાય ખસવાનું મન થાય નહિ. એવું ભક્તિસભર વાતાવરણ જામ્યું હતું.

સેવકો, સંતો અને દૂતોના મુખમાંથી સમૂહગાન, પ્રાર્થના અને આભારના ઉદ્‌ગારો સંભળાતા હતા.

પરમેશ્વરના સફેદ ઝભ્ભાની ચાળથી સભાખંડ છવાઈ ગયો હતો. તેઓ આસન પરથી ઊભા થયા. સભાજનો શાંત અને આતુર થઈ ગયા અને તેમના મુખ સામે જોઈ રહ્યા. પ્રભુએ કહ્યું કે, 'જગતમાં પાપોના બોજા વધી ગયા છે. માણસો દુઃખી દુઃખી થઈ ગયાં છે. હવે એનો ઉપાય કર્યા સિવાય ચાલે એમ નથી.'

સેવકો બોલ્યા, 'પ્રભુજી, આપ જે આજ્ઞા આપશો તે માથે ચડાવીને અમે પૃથ્વી પર જવા અને માણસોના છુટકારાનું કામ

કરવા તૈયાર છીએ.'

ફરીથી પ્રભુએ કહ્યું, 'પ્રિયજનો, તમારી લાગણી હું સમજું છું. પણ એ કામ માટે તો મારે ઈસુને જ મોકલવાના છે.' એ સાંભળીને સભાજનો દુઃખી થઈ ગયા. સંતોએ આગ્રહ કર્યો, 'ના, પ્રભુજી. ઈસુને ના મોકલશો. માણસોનો ભરોસો રાખવા જેવો નથી. તેઓ ઈસુનું નહિ માને. તેમને સતાવશે, હેરાન કરશે, દુઃખ દેશે અને ધૂતકારશે. સ્વર્ગના કુંવરથી એ વેઠાશે નહિ. અમે જવા તૈયાર છીએ. અમને મોકલો. અમે મુશ્કેલી વેઠીશું. તમે કહેશો એ કામ કરીને જ રહીશું.'

ચર્ચા આગળ ચાલી. પ્રભુએ જણાવ્યું કે મારા વહાલા દીકરા ઈસુ સિવાય અન્ય કોઈને માણસજાતના તારણનું કામ સોંપાય નહિ. તેઓનાં પાપોના નિવારણ માટે મારે ઈસુને જ મોકલવા જોઈએ. જગત પરનો મારો પ્રેમ ઈસુની મારફતે જ પ્રગટ થઈ શકે.

પછી દૂતોએ પણ પ્રભુને આગ્રહ કર્યો કે, 'હે પવિત્ર પિતાજી, રૂપાળા ઈસુ તો સિંહાસને જ શોભે ! પૃથ્વીના માણસો એમને ત્રાસ આપશે એટલું જ નહિ તેઓ ઈસુને ઘાયલ કરશે, લોહીલુહાણ કરશે અને મારી નાખશે. તેથી ઈસુને નહિ, પણ અમને મોકલો. અમે જવા તૈયાર છીએ.'

આખરે પ્રભુએ જણાવ્યું કે વહાલા ભક્તજનો, તમારી લાગણી હું સમજું છું. પરંતુ ઈસુ મારા પુત્ર છે. તેથી માણસો પ્રત્યે મારો પ્રેમ દર્શાવવા માટે ઈસુનો ઉપયોગ કરાય એ જ યોગ્ય છે. વળી ઈસુ નિષ્પાપ છે. માણસનાં પાપોની માફીને માટે પવિત્ર લોહીની જરૂર છે. ઈસુના લોહીથી માણસોનાં પાપોનું નિવારણ થશે. અને એમના બલિદાનથી માણસોને મુક્તિ મળશે. ભલે તેઓ ઈસુને

મારે અને સતાવે. એમને લોહીલુહાણ કરે અને મારી નાખે. માણસોને બચાવવા માટે સ્વર્ગમાંથી ઈસુ પૃથ્વી પર જાય એમાં જ માણસોનું કલ્યાણ છે. અને એમાં જ સ્વર્ગની શોભા છે.

પછી અત્યાર સુધી શાંત બેઠેલા ઈસુ ઊભા થયા. તેમણે પિતા પરમેશ્વરને જણાવ્યું, 'આરાધ્ય પિતાજી, આપની ઈચ્છાને હું આધીન થાઉં છું. ગમે તે વેઠવા અને બલિદાન આપવા હું તૈયાર છું. હવે મને વિદાય આપો.'

પિતાએ પુત્રને આશિષો આપી. અને સેવકો, સંતો તથા દૂતોએ તેમને ભાવભરી વિદાય આપી.

પછી સ્વર્ગના રાજકુંવર પોતે માણસ બન્યા અને પૃથ્વી પર પધાર્યા. પચીસમી ડિસેમ્બરે માતા મરિયમને પેટે તેમણે જન્મ ધર્યો. પૃથ્વી પર પધારેલા સ્વર્ગના રાજકુંવરનો જયજયકાર થઈ ગયો.

# ૯ દૂતોનાં ગાન

નગરનું નામ બેથલેહેમ. દાવિદ રાજાના નગર તરીકે એ જાણીતું હતું. એ જમાનામાં લોકોને પોતાનાં નામ નોંધાવવા માટે મુખ્યશહેરમાં જવું પડતું હતું. આથી વસતી ગણતરીમાં નામ નોંધાવવા માટે લોકો ત્યાં એકઠા થયા હતા.

યોસેફ અને તેમનાં પત્ની મરિયમ આ શહેરમાં પોતાનાં નામ લખાવવા આવ્યાં હતાં. મરિયમને બાળક જન્મવાનો એ સમય હતો. રહેવાની કે ઊતરવાની તેમને ક્યાંય જગ્યા મળી નહિ. આ પતિપત્ની દાવિદ રાજાના વંશનાં હોવા છતાં પણ તેમને તેમના પિતૃના નગરમાંય ઉતારો મળ્યો નહિ. એમને માટે જગ્યા ન હતી. એ કેવું કહેવાય ?

તપાસ કરતાં એક ગભાણમાં થોડી જગ્યા મળી. તેઓએ ત્યાં મુકામ કર્યો. ત્યાં માતા મરિયમને ઉદરે પુત્રનો જન્મ થયો. એ પુત્ર તે જ જગતમાં આવેલા પ્રભુ ઈસુ ખ્રિસ્ત. પવિત્ર આત્માની મારફતે જન્મેલા બાળ ઈસુનાં માતા મરિયમ તો તેમનાં માનવ માતા હતાં અને યોસેફ તેમના પાલક પિતા હતા.

પ્રભુના આ જન્મની વધામણી આપવા માટે એક દૂત પ્રગટ થયો. તેની આજુબાજુ પ્રભુના ગૌરવનાં અજવાળાં પથરાઈ ગયાં. ચારે બાજુ તેજ, તેજ અને તેજના અંબાર ખડકાઈ ગયા !

પાસે સીમમાં ભરવાડોએ પોતાનાં ઘેટાં સાથે રાતવાસો કર્યો હતો. રાતનું અંધારું. ઠંડી કહે મારું કામ. તાપણાં સળગતાં હતાં. એ સમયે આકાશમાં અચાનક પ્રગટેલાં અજવાળાં જોઈને તેમને હિંમત આપતાં દૂતે ગાયું :

'ના ડરો,
હિંમત ના તજો, ચમકી ના જશો.
આનંદ આનંદથી ભરી વાત છે.
આ વધાઈ સર્વ લોકને માટ છે.
દાવિદનગરમાં, બેથલેહેમ ગામમાં
તારનાર ખ્રિસ્ત પ્રભુ અવતર્યા છે.
જાઓ ને જુઓ તમે;
બાળને-મસીહને, નહિ નહિ મહેલમાં,
પણ... તૃણમાં, ગભાણમાં.'

પછી તો સ્વર્ગમાંથી દૂતોનો મોટો સમૂહ ઊતરી પડયો. અને તેઓ પેલા દૂતની સાથે ગીત ગાવામાં જોડાઈ ગયાં. તેમણે ઈશ્વર સ્તુતિનાં ગાન ગાયાં :

'પરમ ઊંચામાં પ્રભુને મહિમા ને હોજો સન્માન,
થાય પ્રસન્ન પ્રભુ જેની પર, છે તેને શાંતિદાન.'

દૂતોનાં ગાનથી ભરવાડોની બીક જતી રહી. દૂતોની સાથે ઘેટાં પણ પોતાનાં અવાજથી જાણે પ્રભુનાં ગાન ગાવા લાગી ગયાં. વાતાવરણમાં ચેતન ચમકી ઊઠયું !

દૂતો તેઓની પાસેથી આકાશમાં ચાલ્યા ગયા. એટલે ભરવાડો દોડતા દોડતા નગરમાં ગયા. ત્યાં મરિયમને, યોસેફને તથા ગભાણમાં પોઢેલા સ્વર્ગી રાજકુંવર ઈસુને જોયા. હરખઘેલા થઈને ભરવાડોએ બાળ ઈસુનાં દર્શન અને ભજન કર્યાં. પછી દૂતોના ગાનની વધામણીની વાત તેઓએ સર્વ લોકોની આગળ કહી સંભળાવી.

દૂતોનાં ગાન હજીયે પૃથ્વી પર ગવાયા કરે છે.

# ૧૦ ઈસુનું આગમન

**રા**ત પડી હતી. ચારે બાજુ કાળું ડિબાંગ અંધારું હતું. દિશા દેખાતી ન હતી. આવી કાળી રાત્રે ગાઢ અંધારામાં બહાર નીકળીને આગળ તો જવાય જ શી રીતે ? માણસોને કશું સૂઝતું ન હતું.

અધૂરામાં પૂરું ઠંડીનો ચમકારો હતો. પંખીઓ માળામાં લપાઇ ગયાં હતાં. ઘેટાં એકબીજાની હૂંફે દબાઈને બેઠાં હતાં. પ્રાણીઓ ઠરી ગયાં હતાં. ભરવાડો ઠંડીથી બચવા માટે તાપણાં કરીને તાપતા હતા. તોય ઠંડી ઊડતી ન હતી. આમ ઘેટાં, અન્ય પશુઓ અને ઘેટાંપાળક ઠંડીને લીધે થર થર ધ્રૂજતાં હતાં.

આવું હોવા છતાંય વાતાવરણમાં ખળભળાટ હતો. નજીકના બેથલેહેમ નગરમાં માણસોનાં ટોળેટોળાં આવ્યે જતાં હતાં. ઘેટાં બેં બેં કરતાં હતાં. પશુઓ બરાડતાં હતાં. સીમમાં થોડી શાંતિ હતી પણ ત્યાંય તમરાંઓના ત્રમ ત્રમ અવાજ વાતાવરણને અશાંત કરતા હતા. ઠેર ઠેર ઘોંઘાટ સંભળાતો હતો. લોકો અશાંતિને લીધે હેરાનપરેશાન થઈ ગયા હતા.

અંધારું, ઠંડી અને અશાંતિ.

રાત્રિ જામતી જતી હતી. પણ એવામાં એકાએક આકાશમાં ગજબનું અજવાળું પ્રગટયું. એક નવો તારો ઊગ્યો. તેનું તેજ ઝળહળી ઊઠયું. ઘેટાંપાળકો ગભરાઇ ગયા. આકાશમાંથી દૂત ઊતર્યો. તેણે ઘેટાંપાળકને કહ્યું, ‘ગભરાશો નહિ. આનંદની વાત સાંભળો. આજે બેથલેહેમ નગરમાં એટલે કે દાવિદના શહેરમાં

તમારે સારુ અને સર્વ લોકોને સારુ તારનાંર ખ્રિસ્ત પ્રભુ જનમ્યા છે. તમે જાઓ અને ગભાણમાં પોઢેલા બાળ પ્રભુ ઈસુનાં દર્શન કરો.'

પછી તો દૂતોનો સમુદાય આવ્યો. તેમણે પ્રભુની સ્તુતિનાં ગીતોની રમઝટ મચાવી. ઘેટાંપાળકો નગરમાં દોડી ગયા. ઠંડી ઊડી ગઈ.

તેઓએ ઈસુ બાળનું ભજન કર્યું.

આ દુનિયામાં પ્રભુ ઈસુનો જન્મ થયો હતો. માણસના બચાવ માટે ઈમાનુએલ આવ્યા હતા.

વાતાવરણ બદલાઈ ગયું.

ઘોર અંધારને બદલે ભરપૂર પ્રકાશ ઝળકી ઊઠયો. ઘોંઘાટ દૂર થયો અને સ્તુતિનાં ગાન ગવાવા લાગ્યાં. રાત્રિ જતી રહી અને ન્યાયીપણાના સૂરજનો ઉદય થયો. ઠંડી ઊડી ગઈ અને હૂંફની હલચલ થઈ. ઈસુનું આગમન થયું અને પૃથ્વી પર શાંતિ થઈ.

અજવાળું, ઉષ્મા અને શાંતિ પથરાયાં.

# ૧૧ ઈલાએ ઈસુજયંતી ઊજવી

ઈલા બહાર રમવા ગઈ હતી. ત્યાંથી તેને આમલીનો એક કચૂકો મળ્યો. તે લઈને તે ઘેર આવી. બીજે દિવસે રમવા ચાલશે. એવું માનીને તેણે કચૂકાને પાણિયારાના એક ખૂણે મૂક્યો. પછી તે સૂઈ ગઈ. સવારે ઊઠીને જોયું તો પેલો કચૂકો ખાસ્સો મોટો થઈ ગયો હતો. રમતમાં ને રમતમાં ઈલા કચૂકાને હથોડીથી ટીપવા લાગી. જેમ જેમ તે ટિપાય તેમ તેમ તેનો આકાર પાતળા પતરા જેવો થતો ગયો. ઈલાને આ રમતમાં મઝા આવી. કચૂકાના પતરાનો થાળી જેવો આકાર બનાવીને તેણે રાખી મૂક્યો. બીજા દિવસે સુકાઈને થાળીના ઘાટનું રમકડું બની ગયું. બહેનપણીઓને આ રમકડું બતાવીને ઈલા હરખાવા લાગી.

થોડા દિવસ પછી નાતાલનો તહેવાર આવવાનો હતો. તહેવાર પ્રસંગે સખીઓને કશી ભેટ આપવી એવો વિચાર કરતી હતી ત્યાં તો ઈલાને કચૂકાનું પેલું રમકડું યાદ આવી ગયું. એક જ કચૂકાની નાનકડી થાળીને બદલે વધારે કચૂકા પલાળીને તેની ટોપલીઓ બનાવી હોય તો કેવું સારું ! એમ વિચારીને તેણે ટોપલીઓ બનાવવાનું નક્કી કર્યું.

ગામના પાદરે આવેલી ઘટાદાર આંબલીઓએ જઈને તેણે ઘણા કચૂકા ભેગા કર્યા. પલાળી રાખ્યા પછી ઉપરનાં કાળાં ફોતરાં કાઢી નાખ્યાં. બાકી રહેલા સફેદ ભાગને લસોટીને માવો બનાવ્યો. ચીકણા માવામાંથી નાનકડી આંગળીઓ વડે ઘાટ ઘડયા. તેની સૂકવણી કરતાં હલકી અને સફાઈદાર તેર ટોપલીઓ તૈયાર થઈ.

ઈલાને ચિત્રકામ અને રંગકામ પણ સારું આવડતું હતું. તેણે માતા પાસેથી રંગ મેળવ્યા અને પિતા પાસેથી પીંછી લીધી. પેલી ટોપલીઓને તેણે સુંદર રંગોથી રંગીને સજાવી. સરસ ચિત્રો પણ દોર્યાં. એની સપાટી પર બાઈબલનાં વાક્યો અને 'આપને ઈસુજ્યંતી મુબારક હો' એવું લખાણ સુંદર અક્ષરે લખ્યું.

ટોપલીઓની કલાકારીગરી જોઈને માતાપિતાએ ઈલાને અભિનંદન આપ્યાં. ઈલાએ માતાને, પિતાને તથા પાળકને નાતાલની ભેટ તરીકે એક એક ટોપલી આપી. તેની સહેલી ટીની અને ટમી તો ટોપલીઓની ભેટ મળવાથી ખુશખુશાલ થઈ ગઈ.

હવે તેની પાસે આઠ ટોપલીઓ બાકી રહી. તેને નાતાલ પ્રસંગે પ્રભુમંદિરમાં યોજાયેલા પ્રદર્શનમાં વેચાણ માટે મૂકી. વડીલ વિશ્વાસભાઈ આ પ્રદર્શન જોવા આવ્યા. તેમને ઈલાની ટોપલીઓ ખૂબ ગમી ગઈ. કિંમત ઉપરાંત ઈનામના પચાસ રૂપિયા વધારાના આપીને તેમણે આઠેય ટોપલીઓ ખરીદી લીધી. આટલા બધા રૂપિયા મળવાથી ઈલા રાજીરાજી થઈ ગઈ. એ પૈસાનો ઉપયોગ કેવી રીતે કરવો તેનો તેણે વિચાર કર્યો. આ પૈસા તે પોતે એકલી એકલી વાપરી નાખે એવી સ્વાર્થી તે ન હતી. આ નાણાંની તેણે મીઠાઈ મંગાવી. અને રવિશાળામાં ભણતાં તેનાં સહાધ્યાયી ભાઈબહેનોને વહેંચી. રવિશાળાનાં બાળકોને નાતાલના ઈનામની મીઠાઈ ખાવાની મઝા પડી.

જાત મહેનત કરીને ઈલાએ ટોપલીઓ બનાવી, ભેટ આપી અને મળેલાં નાણાં વાપરીને મિત્રોને મીઠાઈ ખવડાવી તેથી સૌને આનંદ થયો.

ઈલાએ ઈસુજ્યંતીના ઉત્સવની આવી અનોખી ઉજવણી કરી. તે જોઈને તેનાં માતાપિતા મલકાઈ ગયાં. તેમણે ઈલાને શાબાશી

આપી અને દીકરીના આવા સારા વિચારો તથા આચરણ બદલ પ્રભુનો આભાર માન્યો.

આવી રીતે ઈસુજયંતી ઊજવાય તો બાળ ઈસુને કેટલો બધો આનંદ થાય !

# ૧૨ નવરંગની નાતાલ

નવરંગ નામે એક છોકરો હતો. તે ઉંમરમાં નાનો હતો. પણ સમજણમાં મોટો હતો. ત્રીજા ધોરણની ચોપડીમાં 'નાતાલની ભેટ'વાળો પાઠ તેના શિક્ષકે શીખવ્યો. પાઠની સમજ પછી તે નાતાલની ભેટ આપવા તલપાપડ થઈ ગયો.

નવરંગ નિયમિત રવિશાળામાં પણ જતો હતો. ત્યાં નાતાલની આગળના રવિવારે તેના શિક્ષકે એક વાર્તા કહી. તે આ પ્રમાણે હતી :

'રશ્મિ નામે એક છોકરો હતો. તે ડાહ્યો હતો. વડીલોની સાથે વિવેકથી વર્તતો હતો. તેના માતાપિતા તેને માટે કોઈ નવી ચીજવસ્તુ લાવે તો રશ્મિ તેમનો આભાર માનતો. મીઠાઈ, ફળફળાદિ, રમકડાં, પુસ્તકો જેવી ભેટ લાવે તો એકલો એકલો તેનો ઉપયોગ કરવાને બદલે તેના મિત્રોને પણ આવી ભેટના ભાગીદાર બનાવતો. મીઠાઈ અને ફળફળાદિ વહેંચીને ખાય. રમકડાં બીજાની સાથે બેસીને રમે અને પુસ્તકોની વાર્તાઓ પોતે વાંચે તથા બીજાને પણ સંભળાવે.

રશ્મિના જન્મદિવસે તેના પિતા તેને માટે કોપરાં, દ્રાક્ષ અને અખરોટનો મજાનો મેવો લાવ્યા. એ જોઈને રશ્મિના મોંમાં પાણી આવ્યું. સૂકા મેવા ઉપરાંત તેના પિતા રંગબેરંગી બેલબૉટમ પેન્ટ અને ટેરીકોટનનો કોટ પણ લાવ્યા હતા. રશ્મિના આનંદનો પાર ના રહ્યો. તેણે નવાં કપડાં પહેરી લીધાં. સૂકા મેવામાંથી મૂઠી ભરી લીધી. હરખમાં ને હરખમાં કૂદતો કૂદતો તે ખાવા લાગ્યો. કૂદતાં

કૂદતાં તે તેનાં મમ્મી પાસે રસોડામાં ગયો. જન્મદિવસને લીધે તેનાં મમ્મી મીઠી મીઠી મીઠાઈ બનાવવામાં મશગૂલ હતાં. મમ્મી આગળ તે લાડ કરવા લાગ્યો.

અચાનક રશ્મિની નજર બારણા તરફ ગઈ. બહાર એક છોકરો ભીખ માગવા આવ્યો હતો. તે એક હાથે અને એક પગે અપંગ હતો. તેથી તે ધીમે ધીમે પરાણે ચાલી શકતો હતો. તે ભૂખ્યો જણાતો હતો. તેનાં કપડાં ફાટેલાં હતાં અને ઠંડીને લીધે તે ધ્રૂજતો હતો.

ગરીબ છોકરાની આવી દયાજનક હાલત જોઈને રશ્મિને ખૂબ જ દુઃખ થયું. જન્મદિવસની ભેટવાળો પોતાનો નવો કોટ તેના પપ્પાને પૂછીને તેણે પેલા ગરીબ છોકરાને પહેરાવી દીધો. વળી મમ્મી પાસેથી મીઠાઇ લીધી અને મેવામાંથી પણ બે મૂઠી ભરી લીધી. પછી મેવો અને મીઠાઈ પેલા છોકરાને આપ્યાં. છોકરો ઘણો ખુશી થયો. મેવો અને મીઠાઈ ખાઈને તૃપ્ત થયો. અને પોતાને રસ્તે ચાલતો થયો.

રશ્મિએ ઉમદા કામ કરીને જન્મદિવસની ઉજવણી કરી. તેથી પપ્પા-મમ્મીએ તેને શાબાશી આપી.'

આ વાર્તા સાંભળીને નવરંગ ઘેર આવ્યો. ચાર દિવસ પછી નાતાલનો તહેવાર આવ્યો. ઈસુ બાપનો જન્મદિવસ. નવરંગના ઘરમાં આનંદ આનંદ થઈ ગયો. ઘર ધોળાયું હતું, રંગાયું હતું અને તોરણ બંધાયાં હતાં. ઘરમાં તારો ઝળકાવ્યો. ક્રેપની રંગીન પટ્ટીઓ બાંધી. અને સ્વાદિષ્ટ ભોજન તૈયાર થઈ ગયું.

નાતાલનાં નવાંનક્કોર પેન્ટ અને કોટ પહેરીને નવરંગ તેનાં પપ્પા-મમ્મી સાથે દેવળમાં ગયો. પાળકે પોતાના ભાષણમાં માગીરાજાઓએ બાળ ઈસુને આપેલ સોનું, બોળ અને લોબાનની

ભેટની વાત કહી.

ભજન પૂરું થતાં નવરંગ મંદિરમાંથી બહાર આવ્યો. મંદિરના પગથિયાની પાસે તેણે એક નાના બાળકને જોયો. તે ચીંથરેહાલ દશામાં ઠંડીથી ધ્રૂજતો હતો. એ જોઈને નવરંગને પેલી રશ્મિવાળી વાત અને પાળકે સંદેશામાં કહેલી માગીઓની વાત યાદી આવી.

ભેટ આપવા માટેનું યોગ્ય પાત્ર અને પ્રસંગ મળવાથી નવરંગ રાજીના રેડ થઈ ગયો. નાતાલની ભેટ તરીકે પોતાને મળેલો નવો કોટ તેણે પેલા બાળકને પહેરાવી દીધો. મમ્મીએ વાપરવા આપેલા પચીસ રૂપિયાની ભેટો ખરીદીને પણ તેને આપી દીધી. એ ગરીબ છોકરાની ખુશીનો પાર રહ્યો નહિ.

પેલી વાર્તામાં રશ્મિએ જન્મદિવસ ઊજવ્યો હતો. એવી રીતે નવરંગે ઈસુ બાપનો પવિત્ર જન્મદિવસ ગરીબ બાળકને બક્ષિસ આપીને ઊજવ્યો. નવરંગે કરેલી નાતાલની એ ઉજવણી જોઈને તેનાં માતાપિતા હરખાઈ ગયાં.

# ૧૩ તારાનો તહેવાર

દિવસ આથમે ત્યારે રાત પડે. રાત્રે ચાંદો હોય તો આછાં અજવાળાં નજરે પડે. અંધારી રાતના સમયે ના હોય ચાંદલિયો કે ના દેખાય તારલિયા. કાળાં ભમ્મર અંધારાં જ અંધારાં. આવા ઘોર અંધકારમાં પૂર્વ દિશામાં એક તેજસ્વી તારલો એકાએક ઝળકી ઊઠયો.

તારાના અજવાળાનો લિસોટો સીધો ગભાણમાં આવ્યો. ગોબરી ગભાણ હસુ હસુ થઈ ગઈ. આ ગભાણના પારણિયામાં નાનકડા રાજકુંવર જનમ્યા હતા. આ રાજકુંવર કંઈ જેવા તેવા ન હતા ! સ્વર્ગભુવનના રાજવી ઈશ્વરપિતાના એ પુત્ર હતા. મતલબ કે સ્વર્ગના રાજકુંવર હતા. અંધારી રાત્રે બાળકના રૂપમાં તેમણે જન્મ ધર્યો હતો. તેમના જન્મની સાથે તો અજવાળાં જ અજવાળાં! ચારે ય બાજુ પ્રકાશના ઢગે ઢગ ખડકાયા. પૂર્વમાં પેલો નવો ઊગેલો તારો તો શું મલકે ! શું મલકે !! એનું વર્ણન જ કરી શકાય નહિ. આ તારો ઊગ્યો તે જ દિવસ તારાનો તહેવાર ગણાયો. રાતનાં અંધારાં ઊલેચવા તારો પ્રકાશ્યો. તેમ પૃથ્વીનાં પાપોને હઠાવવા પ્રભુપુત્ર જન્મ્યા. તેમનું નામ ઈસુ. આ પૃથ્વી પરનાં તેમનાં માતાનું નામ મરિયમ અને પાલક પિતાનું નામ યોસેફ.

માતા હાલરડાં ગાય. પાલક પિતા પોતાના પનોતા પુત્રને પ્રેમથી પંપાળે અને ગભાણની આજુબાજુ પશુપંખીઓ તેમનાં ગુણગાન ગાય. પેલો તારો તો આંખો ઉઘાડે અને બંધ કરે. પલક પલક કર્યા કરે. પ્રભુનું મુખ જોતાં થાકે જ નહિ.

તારાના તહેવારે તારાના પલકારા પારખીને પૂર્વ દિશાના પંડિતોએ જાણ્યું કે કોઈ અવનવો બનાવ બન્યો છે. તેમણે શાસ્ત્રનાં પાનાં ફેરવવા માંડયાં. તેમાં લખેલાં ભવિષ્યવચનો વાંચીને તેમને ખાતરી થઈ કે એ સમયે પ્રભુ ઈસુનો જન્મ થવાનો હતો. ઈસુનો જન્મ બેથલેહેમમાં થવાની ખાતરી સૂચવતાં અગમ વચનો પર વિશ્વાસ લાવીને તેઓ તૈયાર થઈ ગયા. સાથે સોનું, બોળ અને લોબાનની ભેટો લીધી. બેથલેહેમ જવા માટે લાંબો રસ્તો વટાવવાનો હોવાથી ઊંટ પર સવારી કરીને તેઓ નીકળી પડયા. રસ્તો પૂછતાં પૂછતાં આગળ જતા હતા. ત્યાં તો પેલો તારો માર્ગદર્શક બનીને પંડિતોની આગળ સરકતો ચાલ્યો. પછી તો કોઈને કશું પૂછવાનું જ રહ્યું નહિ. આગળ તારો અને પાછળ પંડિતો. રસ્તો શોધવાની કશી જ ઘડભાંજ નહિ.

તારાભાઈ તો મલકતા મલકતા તેમને ગભાણે દોરી લાવ્યા. ત્યાં બાળક ઈસુ હતા. પંડિતોએ સોનું, બોળ અને લોબાનની ભેટો આપી. ઈસુએ હસીને તેનો સ્વીકાર કર્યો. બાળ ઈસુના હાસ્યનો ખિલખિલાટ, સોનાની ભેટોનો ચળકાટ, તારાનો ચમકાર અને પંડિતોના ભજનની રમઝટને લીધે ગભાણ જેવી ગભાણ પણ સ્વર્ગ સમી શોભી ઊઠી. તારાભાઈને મન તો જાણે આગવો તહેવાર આવી ગયો. તારો નાચી ઊઠયો. તેની સાથે આકાશમાં બીજા તારલિયાઓ પણ ઊગ્યા અને મલકી ઊઠયા. આ બધું જોઈને સફેદ પોષાકમાં સજ્જ થયેલા ઈશ્વરદૂતોની ટુકડી સ્વર્ગેથી ઊતરી પડી. તેમના કંઠમાંથી ઈસુના આવકારનાં અને આભારનાં ગીતો ગૂંજવા લાગ્યાં. આ ગૂંજનથી ગગન ગાજી ઊઠયું.

આ તારાનો તહેવાર નાતાલના નામે ઓળખાય છે. તે દિવસે દુનિયાનો મહાન તારો ઊગ્યો. અને પૃથ્વીના પાપ રૂપી અંધકારને

ટાળવા માટે ટમટમવા લાગ્યો. હજીય તેનો ચળકાટ ચાલુ છે. એનાં દર્શન કરવા જવામાં અને અંતરને અજવાળવામાં માનવજાતનું કલ્યાણ સમાયેલું છે.

તારાનો તહેવાર એટલે અજવાળાનો આવકાર.

# ૧૪ આગિયાના ઝબકારા

એક આગિયો હતો. તે વગડામાં રહેતો હતો. થોડોક ઊંચે ઊડે અને પાછો નીચે આવે. આગળ જાય અને પાછળ આવે. વગડામાં ફર્યા કરે. પણ એક દિવસ તો તે ઊડતો ઊડતો એક નગરમાં આવી ચડયો. ત્યાં તો નર્યાં માણસો જ માણસો હતાં. લોકોની લંગાર લાગી હતી. તેણે કદી આટલાં બધાં માણસો જોયાં ન હતાં. માણસોનાં ટોળે ટોળાં જોઈને તે આભો બની ગયો.

આ નગરનું નામ બેથલેહેમ હતું. ત્યાં માણસોની મેદની વચ્ચે એક ગભાણ હતી. એમાં એક નાનકડું બાળક હસતું રમતું હતું. પેલા આગિયાના જોવામાં આવ્યું કે માણસોનું એ ટોળું જુદી જુદી ભેટ સોગાત લઈને આવ્યું હતું. ટોળાના લોકોમાંથી કોઈ સોનું લાવ્યા હતા, કોઈ લોબાન લાવ્યા હતા તો કોઈ વળી સુગંધી પદાર્થો લઈને આવ્યા હતા. એમાં રાજા જેવા માણસો હતા અને ભરવાડો પણ હતા. તેઓ બધા પેલા પારણામાંના બાળકનું ભજન કરવા ભેગા થયા હતા.

આગિયાને થયું કે આ વળી શું હશે ? આગિયાએ લોકોની વાતો સાંભળી તો તેને માલૂમ પડયું કે એ બાળક તે બીજું કોઈ નહિ પણ તારનાર ઈસુ હતા. જગતના પ્રભુ બાળ બનીને આવ્યા હતા ! આગિયને અજાયબી થઈ ગઈ !

આમ તેમ જોતાં જોતાં તેણે ઊંચે જોયું. આભમાં અજવાળાનો અંબાર ખડકાયો હતો. નવા જન્મેલા બાળકના માનમાં એક નવો તારો ઊગ્યો હતો. આ તારો આભમાં ટમટમી રહ્યો હતો. નર્યું

અજવાળું જ અજવાળું પથરાયું હતું.

બાળ પ્રભુનાં દર્શન કરવા વધારે લોકો ઊમટવા લાગ્યા. તેઓ બાળ ઈસુને નમન કરતા હતા, પ્રાર્થના કરતા હતા, ભજન ગાતા હતા અને તેમનો આભાર માનતા હતા. આગિયાને થયું કે લાવ હું પણ દર્શને જાઉં. તે ઈસુની પાસે જવા લાગ્યો. પરંતુ એ બિચારો ભીડમાં થઈને કેવી રીતે જઈ શકે ? પણ મન હોય તો માળવે જવાય જ ને ? આખરે વાંકો ચૂંકો રસ્તો પાડીને ધક્કામૂકી વેઠતો વેઠતો લોકોની વચ્ચેથી ટપી જઈને તે પસાર થઈ ગયો અને આબાદ રીતે બાળ ઈસુની પાસે પહોંચી ગયો ! ઈસુના પારણિયામાં જ તેમની નજીક બેસી ગયો. હાથ હલાવતાં હલાવતાં બાળ ઈસુએ પોતાના નાનકડા હાથની ટચૂકડી આંગળી આગિયાને અડકાડી દીધી!

બસ એટલી જ વાત. આગિયાભાઈ નવા બની ગયા. ઈસુએ તેને (અજવાળાના) ઝબકારા આપ્યા. આગિયાનું શરીર ઝળકી ઊઠયું. તે ચળક ચળક થવા લાગ્યો. ખુશખુશાલ થઈને નાચવા અને કૂદવા માંડયો. પછી તો ઈસુનો આભાર માનીને મલકાતો મલકાતો તે પાછો વળ્યો.

ઈસુની પાસે જતી વખતે તો તે પરાણે પહોંચી શક્યો હતો. પણ પાછા વળતાં તો આગિયો ઝબક ઝબક કરતો જવા લાગ્યો. આ ઝબકારાને લીધે આગિયાભાઈને ચોખ્ખો ચટ રસ્તો મળી ગયો. બધાં ખસી જાય અને આગિયાને રસ્તો આપે.

ઈસુની આંગળી અડી ત્યારથી આગિયાભાઈ ઝબકવા લાગ્યા હતા. તે હજીય ઝબક ઝબક થયા કરે છે. આગિયાભાઈના ઝબકારા જોવા જેવા હોય છે. એ બાળ ઈસુની યાદ આપે છે.

# ૧૫ નવી રીતે નાતાલ ઊજવી

**સૌ**ને ગમે એવું નામ નમ્રતા. એ એક છોકરીનું નામ હતું. નમ્ર થવાનું તો કઠણ લાગે ! આ નમ્રતા એના નામ પ્રમાણે ખરેખરી નમ્ર હતી. તે સૌની સાથે સૌજન્ય દર્શાવતી, મીઠાશથી બોલતી અને વિવેકપૂર્ણ વ્યવહાર કરતી હતી.

તે સાતમા ધોરણમાં ભણતી હતી. ડિસેમ્બર માસની શરૂઆતે તેનાં શિક્ષિકાએ વર્ગમાં ઈસુ વિષે શિક્ષણ આપ્યું અને ઈસુજ્યંતીનો અર્થ સમજાવ્યો. તેને થયું કે શિક્ષિકાએ સમજાવેલો અર્થ જુદો છે અને વ્યવહારમાં નાતાલની ઉજવણી જુદી જ રીતે થાય છે. એ બંને વચ્ચે એને આભજમીનનો ફેર જણાયો. શિક્ષિકાએ શીખવ્યું હતું કે ઈસુએ જન્મ સમયે ગરીબી અને નમ્રતા સ્વીકારી હતી, બાળપણમાં માતાપિતા પ્રત્યે આધીનતા દર્શાવી હતી અને યુવાન વયમાં જનસેવા માટે તાલાવેલી રાખી હતી. વળી તેમણે સતાવનારાઓ પ્રત્યે અનુકંપા આચરી હતી. જ્યારે નાતાલની ઉજવણી જુદી જ રીતે થતી હતી.

ઈસુજ્યંતીના દિવસે નમ્રતા, તેનાં ભાઈબહેનો અને માતાપિતા વહેલાં ઊઠતાં હતાં. નવાં કપડાં પહેરતાં હતાં. શરીરે અત્તર લગાવતાં હતાં. પછી રીક્ષામાં બેસીને મારફાડ કરતાં કરતાં દેવળમાં જતાં હતાં. પણ દેવળમાં મોડું પહોંચાતું હતું. છૂટીને લોકોની સાથે મુલાકાત કરતાં હતાં. પણ જેની સાથે મેળ ના હોય તેમને મળવાનું ટાળતાં હતાં. પછી પાછાં ઘેર આવીને ભાવતાં ભોજન જમતાં હતાં. એમાંથી પરવારીને સિનેમા જોવા જતાં હતાં.

એમ પ્રભુ ઈસુના જન્મનો મહાન તહેવાર પસાર કરતાં હતાં. એમાં સેવા કે ઈસુના ઉપદેશના અનુસરણનું તો નામ કે નિશાન જોવા મળતાં ન હતાં.

હવે નમ્રતાએ શિક્ષિકાબહેનના શિક્ષણ અનુસાર સેવાકાર્ય દ્વારા નવી રીતે નાતાલની ઉજવણી કરવાનો નિર્ણય કર્યો.

હવે તેણે નવાં કપડાં સીવડાવવાના ખર્ચમાં કાપ મુકાવ્યો. નાતાલના દિવસે શણગાર કરવાની રીતમાં ફેરફાર કર્યો. પોતે સાદગીથી તૈયાર થઈ ગઈ. રીક્ષામાં જવાને બદલે પગે ચાલીને તે વેળાસર પ્રભુમંદિરમાં ગઈ. માતાપિતાને વિનંતી કરીને તેણે સાદા ભોજનની વ્યવસ્થા કરી. સિનેમા જોવાનો કાર્યક્રમ બંધ રખાવ્યો. નમ્રતાએ કરેલા સારા નિર્ણયો ઘરમાં સૌને ગમી ગયા.

નાતાલે બપોર પછી નમ્રતાએ પોતાની બહેનપણીઓને પોતાને ઘેર બોલાવી. તેમને ઈસુ વિષેની તથા ખ્રિસ્તી ધર્મની વાતો સંભળાવી અને ગીતો ગવડાવ્યાં. ઈસુના જીવનપ્રસંગોનાં ચિત્રો અને નમૂનાઓનું પોતે ઘરમાં ગોઠવેલું પ્રદર્શન બતાવ્યું. સાદાઈથી ઉજવણી કરવાને પરિણામે ખર્ચમાં બચેલી રકમની પુસ્તિકાઓ ખરીદી. ઈસુના જીવન વિષે વધારે સંગીન સમજ આપતી આ બાળવાર્તાઓની પુસ્તિકાઓ નમ્રતાએ સખીઓને નાતાલની ભેટ તરીકે આપી .

આમ નમ્રતાએ નાતાલની ઉજવણીની નવી પ્રથા અપનાવી. તેણે નવી રીતે નાતાલ ઊજવી. તે જાણીને તેનાં શિક્ષિકાબહેને તેને અભિનંદન આપ્યાં.

# ૧૬ તારલિયાના તેજે

**તા**રલાનું તેજ આંખોને ગમે એવું હોય છે. એ તેજમાં બાળકોને નાહવાનું અને યુવાનોને ફરવાનું ગમે છે. આકાશમાં આવું તેજ ફેલાવનારા જુદા જુદા તારાના તેજ તેજમાં ફરક હોય છે.

એક રાતે એક નવા તારલિયાનો ઉદય થયો. એના તેજથી નભોમંડળ ઝળકી ઊઠયું. એ તેજને ઝીલનારા ઝળકી ગયા અને એ વખતે નીચું ઘાલી જનારાના જોવામાં એ તારો આવ્યો જ નહિ. તેઓ રહી ગયા.

પેલેસ્ટાઈન દેશના બેથલેહેમ ગામ પર પ્રકાશેલા આ તારાને એ રાજ્યનો રાજા હેરોદ જોઈ શક્યો નહિ. કેમ કે એની આંખ એવું જોવા ટેવાયેલી ન હતી. પરંતુ નવાઈની વાત છે કે પૂર્વ તરફના ઈરાન દેશના ત્રણ માગીજનોએ એ તારાનો ઉદય અને અજવાળું જોયાં. તેઓ ખગોળવિદ્યાના અભ્યાસીઓ હતા. તેઓ સમજ્યા કે આ તારો એક મહાન રાજવીના જન્મનો સૂચક છે અને એ રાજવીનો જન્મ પેલેસ્ટાઈનમાં થયો છે. એની જાણકારી થવાને લીધે તેઓ નવા જન્મેલા રાજાનાં દર્શન માટે પોતાના વતનમાંથી ત્યાં જવા માટે નીકળી પડયા.

ઠંડી રાત્રે તારલિયાના તેજે રસ્તો વટાવીને તથા નદી નાળાં તથા રેતાળ પ્રદેશો પસાર કરીને તેઓ એ દેશના પાટનગરમાં આવી ગયા. એનું નામ યરુશાલેમ હતું. ત્યાં તેઓ હેરોદ રાજાના મહેલમાં આવ્યા. વળી ત્યાં તેઓએ નવા તારાની તથા નવા જન્મેલા

રાજાની પૂછપરછ કરી. નવા રાજાની વાત જાણીને તે ગભરાઈ ગયો. તેણે સમગ્ર યરુશાલેમ નગરને પણ ગભરાવી દીધું.

હેરોદે એ રાજાના જન્મસ્થળની તપાસ કરાવી. ધર્મશાસ્ત્રમાં મીખાહ પ્રબોધકના પુસ્તકના અભ્યાસ દ્વારા શાસ્ત્રીઓએ તેને જણાવ્યું કે એ રાજાનો જન્મ બેથલેહેમમાં થવાનો છે અને તે ઈઝરાયલનો અધિકારી બનવાનો છે.

શાસ્ત્રની એ વાત સમજ્યા પછી નવા જન્મેલા રાજા ઈસુને આધીન થવાને બદલે હેરોદને એ રાજા પોતાનો પ્રતિસ્પર્ધી લાગ્યો. તેણે માગીઓ પાસેથી તારો ક્યારે દેખાયો હતો અને નવા રાજાનો જન્મ ક્યારે થયો હતો તે જાણી લીધું. પછી ઈસુને મારી નાખવા માટે તે સમયે જન્મેલાં બધાં જ બાળકોનો સંહાર કરી નાખવાનો તરકટી નિર્ણય તેણે કર્યો. પરંતુ બહારથી બનાવટી સદ્ભાવ બતાવ્યો અને માગીઓને જણાવ્યું કે તમે બેથલેહેમમાં જાઓ. આ રાજા ત્યાં જનમ્યા છે. તમે તેમને શોધી કાઢો. પછી પાછા વળતાં મને એ વિષે પૂરી વિગતો જણાવીને તમે તમારા દેશમાં જજો. એટલે હું પણ તેમનું ભજન કરવા જઈશ.

માગીઓ યરુશાલેમમાંથી નીકળ્યા એ સાથે જ પેલો તારો તેમને ફરી પાછો દેખાયો. એ તારો એમની આગળ આગળ સરકવા લાગ્યો. અને એ જ તારલિયાને તેજે તેઓ બેથલેહેમ ગામે આવી પહોંચ્યા. ત્યાં તારો અટકી ગયો. માગીઓ પણ ત્યાં થોભી ગયા.

અહીં નાનકડી ગભાણમાં રાજવી પ્રભુ ઈસુ બાળ સ્વરૂપે જનમ્યા હતા. માગીઓ તેમને પગે પડયા. તેમણે તેમનું ભજન કર્યું.

પાછા વળતાં તેમણે પ્રભુ ઈસુ રૂપી તારલિયાના તેજે મુસાફરી કરી. તેઓ સલામત રીતે પોતાના દેશમાં પાછા આવી ગયા.

પરાયા દેશના માગીઓ તારલિયાના તેજે આવ્યા અને પ્રભુને પામી ગયા. પણ એ જ દેશનો રાજા હેરોદ અંધારામાં બહાર રહી ગયો

કોઈ અંધારામાં રહી જાય નહિ તે માટે આજે પણ એ તારલિયાનું તેજ ઝળકી રહ્યું છે.

# ૧૭ નાતાલનો નવો આનંદ

**ની**લા નાની છોકરી હતી. તેને ભાતભાતનાં કપડાં પહેરવાનો ખૂબ શોખ હતો. કપડાં પર ડાઘ પડવા દે નહિ. વળી શરીરના દેખાવ માટે પણ ખૂબ જ કાળજી રાખે. તેનાં માબાપ સુખી અને પૈસાદાર હતાં. એટલે નીલાબહેનના બધાય શોખ પૂરા કરવામાં શા માટે કચાશ રાખે ?

નીલાનાં રંગરંગીન કપડાં ઉપરાંત ઘરેણાંનોય પાર નહિ. વાળની સજાવટ તો કંઈ જુદી જ બનાવે. વરસગાંઠ અને તહેવારના પ્રસંગે તો નીલાનો ઠઠારો કંઈ ઓર જામે.

નાતાલના તહેવાર માટે આ વખતે નીલાએ એક ખાસ મેક્સી સીવડાવ્યું હતું. રસ્તા પરની ધૂળમાં ઢસડાય એટલું બધું લાંબું ! આકર્ષક કાપડ પર મોટાં મોટાં ફૂલવાળી ડિઝાઇન અને ચળક ચળક થાય એવી ટીલડીઓ. બરાબરનો ઠસ્સો ! દર વર્ષની માફક નાતાલના દિવસે એવું પહેરીને નીલા દમામભેર દેવળમાં આવી. એનામાં ઠસ્સો હતો. પણ મનમાં ખાસ પ્રકારનો આનંદ કે ઉમળકો ન હતો.

આજે તો પ્રભુ ઈસુનો જન્મદિવસ હતો. તેથી દેવળમાં પાળક સાહેબે ઈસુની નમ્રતા, સેવા અને પ્રેમનો ઉપદેશ આપ્યો. પોતે પ્રભુ હોવા છતાં ઈસુ પોતે માણસોનાં પાપોને ટાળવા માટે દુનિયામાં આવ્યા અને ગરીબી સ્વીકારીને તેમણે ગભાણમાં જન્મ લીધો. પાળકના મુખેથી આવો ઉપદેશ નીલાએ સાંભળ્યો. એ સાંભળીને તેના મન પર ભારે અસર થઈ. પોતાના પોષાક, શણગાર અને

ઘરેણાંના ઢગલા પર તેણે નજર કરી. તેને થયું કે એ બધા શણગારની સાથે સાથે મન અને હૃદયની ચોખ્ખાઈ અને સુંદરતા પણ હોવાં જોઈએ. ક્યાં ઈસુ અને ક્યાં હું ? નીલાનું હૃદય નરમ બની ગયું.

પ્રભુમંદિરની ભક્તિસભા પૂરી થયા પછી પપ્પા, મમ્મી અને ભાઈબહેનની સાથે તે પોતાને ઘેર પાછી આવી.

હવે તો ઈસુજયંતીનો આનંદ તે એકલી એકલી જ લૂંટે એવી સ્વાર્થી તે રહી ન હતી. તેના ઘરની આજુબાજુ ઝૂંપડાં હતાં. એ વિસ્તારમાં ગંદાં, ભૂખ્યાં અને ઉઘાડાં બાળકો અહીં તહીં ફરતાં હતાં. નીલા તો જઈને એ બાળકોને પોતાના ઘેર બોલાવી લાવી. તેમના હાથપગ ધોવડાવ્યા. તેમને નાસ્તો કરાવ્યો. અને પોતાનાં ઢગલાબંધ કપડાંમાંથી તેઓને પોષાક આપ્યા. વળી તેઓને નાતાલનાં ગીત શીખવ્યાં. છોકરાંઓને ખૂબ આનંદ મળ્યો. પછી તેઓ પોતપોતાને ઘેર જઈને આ ગીતો ગાવા લાગ્યાં.

હવે નીલા નમ્ર બની ગઈ. તેનો ઠસ્સો ગાયબ થઈ ગયો. સાદો પોશાક, સામાન્ય શણગાર અને બીજા પર પ્રેમ રાખવો એ તેના સદ્‌ગુણ બની ગયા. નીલા નવી બની ગઈ. આ નાતાલે તેને નાતાલનો અજાયબ જેવો નવો આનંદ મળ્યો.

# ૧૮ અજવાળાનું આગમન

**પ્ર**ભુ ઈસુનો જન્મદિવસ એટલે અજવાળાનો અવસર. તે દિવસે ઈસુએ આલમમાં અવતરણ કર્યું. એટલે અહીં અજવાળાનું આગમન થયું. એને લીધે અજવાળાનો અર્થ અને મહત્તા સમજાયાં. આ અજવાળું પ્રભુ ઈસુ ખ્રિસ્ત પોતે જ હતા.

ઘણી વાર વીજળીનો પ્રવાહ અટકી જવાને લીધે અજવાળું બંધ થઈ જાય છે. ઘરમાં અને શેરીઓમાં અંધારપટ છવાઈ જાય છે. માણસોને અંધારામાં અટવાવું પડે છે. અજવાળા વિના કામકાજ થઈ શકતાં નથી. કશું સૂઝતું નથી. બધું ઠપ થઈ જાય છે. ત્યારે અજવાળાની અનિવાર્યતાની સમજ પડે છે. લાંબા સમયની રાહ જોયા પછી અજવાળાનું આગમન થાય છે ત્યારે હલચલ શરૂ થાય છે અને કામમાં ક્રિયાશીલતા આવે છે.

અંધકાર એ બહુ બૂરી ચીજ છે. અંધકારમાં ભક્તિ કે પ્રગતિ હોતી નથી. ત્યાં માત્ર સ્થગિતતા અને બંધિયારપણું હોય છે. અંધારામાં રસ્તે અથડાવું પડે છે. અને આગળ વધવામાં અવરોધ નડે છે.

આવી પરિસ્થિતિ પેદા થયેલી હતી ત્યારે આલમમાં પ્રભુ ઈસુ રૂપી અજવાળાનું આગમન થયું. એમના આગમનનો યાદગાર અવસર એ જ આપણી નાતાલ. એ જ અજવાળાના આગમનનું પવિત્ર પર્વ છે. યશાયા પ્રબોધકે આ અજવાળા વિષે ભાખેલી અગમવાણી ઈસુના આગમનને લીધે સાચી પડી. તેમણે આગાહી કરી હતી કે અંધકારમાં ચાલનારા લોકોએ મહાન અજવાળું જોયું

છે. મરણછાયાના પ્રદેશમાં વસનારા પર અજવાળું પ્રકાશ્યું છે.

અજવાળાના પુત્ર પ્રભુ ઈસુએ સ્વર્ગમાંથી પૃથ્વી પર પધરામણી કરી. અંધારામાં અથડાતા માણસોની વચ્ચે આવીને તેઓ વસ્યા. પ્રભુ ઈસુનું આ આગમન માણસોને પાપોમાંથી ઉગારવા અને તેમને અજવાળું આપવા માટે થયું હતું. માણસો પર પ્રભુની કેટલી બધી કૃપા !

તેમના જન્મ સમયે પૃથ્વી પર અને અવકાશમાં અજવાળાનો અંબાર ખડકાઈ ગયો હતો. એ અજવાળું ભરવાડોએ જોયું. એટલે તેઓ ઈસુનાં દર્શન કરવા દોડી ગયા. આકાશમાં પ્રગટેલા એ અજવાળામાં દૂતની સાથે આકાશી સેનાનો સમુદાય પ્રગટ થયો અને તે પૃથ્વીના લોકો માટે શાંતિગાન ગાવા લાગ્યા.

સમય જતાં ઈસુ મોટા થયા અને તે અજવાળાને પ્રગટ કરવા લાગ્યા. તેમણે કહ્યું છે કે તમે જગતનું અજવાળું છો. હવે તમારે ઘરમાંના બધાંને અજવાળું આપવાનું છે. તમે તમારું અજવાળું લોકોની આગળ એવું પ્રકાશવા દો કે તે તમારી રૂડી કરણીઓ જોઈને આકાશમાંના તમારા બાપની સ્તુતિ કરે.

આમ, નાતાલ એ અજવાળાનો અવસર છે. એ અજવાળાનું આગમન માણસોના જીવનમાં થાય એ જરૂરી છે. એમાં જ નાતાલની ઉજવણીની શોભા અને સફળતા રહેલાં છે.

નાતાલ એટલે અજવાળાનો ઉત્સવ.

# ૧૯ ભયમુક્તિનું પર્વ

પ્રભુએ પોતે બનાવેલા એક બાગનું નામ એદન હતું. એમાં હરિયાળી વનસ્પતિ અને સુંદર ફૂલો હતાં. ત્યાં આદિ પિતા આદમ અને માતા હવા રહેતાં હતાં. એમને પ્રભુ સંભાળતા હતા. ત્યાં આનંદ, પરમ સુખ અને શાંતિ હતાં. ત્યાં ભયનું નામનિશાન ન હતું.

આવું સુંદર વાતાવરણ થોડાક સમયમાં પલટાઈ ગયું. પ્રભુએ મના કરેલા વૃક્ષનું ફળ આદમ અને હવાએ ખાધું. પ્રભુની આજ્ઞાનો ભંગ થયો. તેથી બાગમાં ભયનો સંચાર થઈ ગય.

આજે રોજની માફક પ્રભુ પોતે બાગમાં આવ્યા ત્યારે આદમ ઝાડવાં પાછળ છુપાઈ ગયો. પ્રભુએ તેને પ્રેમથી બોલાવ્યો. જવાબમાં તેણે કહ્યું કે મારા શરીર પર કોઈ વસ્ત્ર નથી. તમારો પગરવ સાંભળીને મને ભય લાગ્યો છે એટલે હું સંતાઈ ગયો છું.

પ્રભુએ તેને કહ્યું કે તું વસ્ત્ર વગરનો છે. એવું તને કોણે કહ્યું? તું તો દરરોજ હતો એવો જ છે.

વાસ્તવમાં તો આ માણસ આદમ જેવો હતો એવો જ હતો. પરંતુ આજ્ઞાભંગના પાપને કારણે તેના મનમાં ભય ઊભો થયો અને તેને પોતાને નવસ્ત્રો હોવાનું ભાન થયું. આમ આદમહવાના મનમાં ભયનો પ્રવેશ થયો. અને એ ભય એમના વારસામાં એમની પછીની પેઢીનાં સંતાનોમાં ઊતરી આવ્યો. પૃથ્વી પરના લોકોમાં ભયનું વાતાવરણ પ્રસરી રહ્યું.

ખરેખર તો પ્રભુ પોતે ભય ઉપજાવનારા પ્રભુ નથી. તે તો ભયમાંથી છોડાવનારા પ્રભુ છે. એમને માણસજાત પર અનુકંપા હતી. તેથી માણસોને ભયમાંથી છોડાવવા માટે તેઓ મનુષ્ય બનીને આ પૃથ્વી પર પધાર્યા. જે દિવસે એમનું આગમન થયું તે દિવસ એ જ ભયમુક્તિનું પર્વ છે.

પ્રભુ ઈસુ આ પૃથ્વી પર જનમ્યા એ અગાઉ તેમણે ઝખાર્યા નામના એક યાજકનો ભય દૂર કર્યો હતો. મંદિરમાં ધૂપવેદીની બાજુમાં ઝખાર્યાએ એક દૂતને જોયો અને તે ગભરાઈ ગયો. ત્યારે દૂતે તેનો ભય દૂર કરતાં તેને હિંમત આપી હતી કે 'હે ઝખાર્યા, ભય રાખીશ નહિ.'

ઈસુના જન્મ પહેલાં તેમનાં માતા મરિયમને ગાબ્રિયેલ દૂતે દર્શન આપ્યું હતું. ત્યારે મરિયમ ગભરાઈ ગયાં હતાં. દૂતે એમનો ભય દૂર કરતાં કહ્યું હતું કે, 'મરિયમ, તમે બીશો નહિ. કેમ કે તમે ઈશ્વરથી કૃપા પામેલાં છો. તમને દીકરો થશે અને તમે તેનું નામ ઈસુ પાડશો.'

તો વળી ઈસુના પાલક પિતાનો ભય પણ પ્રભુએ દૂર કર્યો હતો. યોસેફ પોતાનાં વિવાહિતા પત્ની મરિયમને તેડી લાવવામાં ડગુમગુ થતા હતા અને ગભરાતા હતા. ત્યારે ઈશ્વરના દૂતે તેમને સ્વપ્નમાં દર્શન આપ્યું અને કહ્યું કે, 'યોસેફ, તમારાં પત્ની મરિયમને તેડી લાવવામાં ભય રાખશો નહિ.'

ભય દૂર કરાયાની આ એક બીના ઈસુના જન્મ સમયની છે. તે વખતે એક ખેતરમાં ભરવાડ તેમનાં ટોળાંને સાચવતા હતા. ત્યારે તેમની પાસે એક દૂત આવ્યો અને તેઓની આજુબાજુ પ્રભુના ગૌરવનો પ્રકાશ દેખાયો. તેથી ભરવાડોને ઘણો ભય લાગ્યો. એ ભયને દૂર કરતાં દૂતે તેઓને કહ્યું કે, 'ભરવાડભાઈઓ, તમે ભય

રાખશો નહિ. કેમ કે આજે તમારે સારુ એક તારનાર એટલે ખ્રિસ્ત પ્રભુ જન્મ્યા છે.'

પ્રભુએ દૂતની મારફતે ભરવાડોનો ભય ભાગી નાખ્યો.

એદનબાગમાં ઉદ્‌ભવેલો પેલો ભય દૂર કરવા માટે પ્રભુ ઈસુ પૃથ્વી પર પધાર્યા હતા. તેમના જન્મથી ઠેરઠેર ભય દૂર થઈ ગયો અને માણસો ભયમાંથી મુક્ત થઈ ગયા.

સાચે જ ઈસુનો જન્મદિવસ નાતાલ એ ભયમુક્તિનું પર્વ છે.

# ૨૦ નાતાલની ભેટ

**મં**જુલાના કુટુંબમાં ચાર સભ્યો હતાં. તે પોતે, તેનો દીકરો બકુલ, દીકરી બીજલ અને તેનાં સાસુમા પ્રેમબહેન. પતિનું અવસાન થઈ ગયેલું હોવાથી કુટુંબની તમામ જવાબદારી તેને માથે હતી. તેનાં સાસુ બહુ વૃધ્ધ હતાં. મંજુલા તેમને માતાની માફક સંભાળતી હતી. સાસુમા પણ વહુ પર દીકરીના જેવું હેત રાખતાં હતાં.

મંજુલા ગરીબ હતી. તેની પાસે સંપત્તિ ન હતી. તે ધાર્મિક મહિલા હતી. પોતાનાં બાળકને સારા સંસ્કાર અને શિક્ષણ આપવાની ખાસ કાળજી રાખતી હતી. ગુજરાન ચલાવવા માટે તેને પાંચ ઘરનાં ઘરકામ કરવાં પડતાં હતાં. કાળજીપૂર્વકના તેના કામને લીધે ઘરના માલિકો અને ઘરનાં બધાં તેના પર ખુશ રહેતાં હતાં. આ કામની આવકમાંથી તેનું ઘર ઠીકઠીક ચાલતું હતું.

આ વરસે નાતાલના તહેવાર માટે શણગાર કરવા, મીઠાઈ બનાવવા અને કપડાં ખરીદવા માટે તેની પાસે કશી બચત રહી ન હતી. બાળકોના શિક્ષણ અને સાસુમાની માંદગીના ખર્ચને લીધે તેને ઘરકામવાળાં ચાર ઘરોમાંથી એડવાન્સ નાણાં અગાઉથી લેવાં પડયાં હતાં. બાકી રહેલા પાંચમા ઘરમાંથી મળનારા પગારમાંથી નાતાલનો ખર્ચ કાઢવાનું આયોજન મંજુલાએ વિચાર્યું હતું. પણ એ આયોજન એકાએક તૂટી પડયું. કેમ કે એ ઘરમાંથી બે દિવસ પહેલાં ગુમ થયેલી એક સોનાની વીંટીનો આરોપ મંજુલા પર મુકાયો હતો. એટલે એ ઘરનું તેનું કામ બંધ થઈ ગયું હતું અને

ઉપરથી પેલી વીંટીની કિંમતનાં નાણાંની ચુકવણી માટે તેના પર તગાદો થવા લાગ્યો હતો.

આવા સંજોગોને લીધે કુટુંબમાં નાતાલની જરાય ખુશાલી રહી ન હતી. બીજે બધે શણગારો સજાયા, તારાઓ લટકાવવામાં આવ્યા અને દારૂખાનું ફૂટવા લાગ્યું. પરંતુ આ ઘરમાં તો નિરાશા અને ગમગીની છવાયેલાં હતાં.

જોતજોતામાં નાતાલનો આગલો દિવસ આવી ગયો. કુટુંબની આવી આર્થિક તંગી વચ્ચે બકુલ અને બીજલ એ બંને ભાઈબહેને તેમનાં પ્રેમદાદીને ભેટ આપવાની યોજના વિચારી હતી. આજે તેમની શાળામાં યોજાયેલી સંગીત સ્પર્ધામાં તેમને બંનેને પ્રથમ નંબરનાં રોકડ ઈનામ મળ્યાં હતાં. એ રકમમાંથી તેમણે દાદીમા માટે એક સ્વેટર ખરીદ્યું હતું.

નાતાલની પૂર્વસંધ્યાએ બધાં સમૂહ પ્રાર્થના માટે ભેગાં થયાં. ત્યારે ભાઈબહેને પેલા ઈનામની વાત કરી. પછી પેલું સ્વેટર કાઢીને તેને નાતાલની ભેટ તરીકે દાદીમાને આપ્યું. બાળકના આ કામથી ખુશ થઈને મંજુલાએ એ સ્વેટર પોતાનાં સાસુને પહેરાવ્યું. વૃધ્ધા પ્રેમબહેનની આંખમાં હરખનાં આંસુ આવ્યાં.

એટલામાં બારણે ટક ટક અવાજ થયો. મંજુલાએ જઈને બારણું ઉઘાડયું. તો જે ઘરમાંથી તેના પર ચોરીનો આરોપ મુકાયો હતો તે ઘરના મુખ્ય માણસને તેણે બારણે ઊભેલો જોયો. તે ડરી ગઈ. તેને થયું કે કશી નવી આફત આવી કે શું ? તેનાં બાળકો અને સાસુમા પણ ગભરાઈ ગયાં. પણ સૌના આશ્ચર્ય વચ્ચે પેલા માણસે જણાવ્યું કે, 'મંજુલાબહેન, તમે વિશ્વાસુપણે અમારે ઘેર ઘરકામ કરેલું છે. એ કહેવા માટે હું આવ્યો છું. પેલી ખોવાયેલી વીંટી મારાં પત્નીના પાકિટમાંથી આજે મળી આવી છે. તમારે

માથે મુકાયેલા ચોરીના આક્ષેપને લીધે અમે શરમિંદાં છીએ. અમને માફ કરશો. તમારા બાકી નીકળતાં પાંચસો રૂપિયા હું તમને આપું છું. તે લઈ લો. નવા વરસમાં તમે અમારે ઘેર પાછાં કામ પર આવી જશો. વળી નાતાલની પૂર્વ સંધ્યાએ અમારા કુટુંબ તરફથી આ ભેટ અમે તમને આપીએ છીએ. તે સ્વીકારો."

મંજુલા કશો જવાબ આપે તે પહેલાં પેલા ભાઈ પૈસા અને ભેટ આપીને ચાલ્યા ગયા. તેમણે આપેલું બોક્ષ ઉઘાડયું તો તેમાં બકુલ માટે પેન્ટ, શર્ટ અને બીજલ માટે એક સુંદર ડ્રેસ હતો. ભાઈબહેનને નાતાલની ભેટ મળવાથી તેઓને આનંદ થયો. પણ હવે તેમનાં મમ્મી મંજુલા એકલાં જ ભેટ વગર બાકી રહેલાં હતાં. તેનો તેમને રંજ હતો. એટલામાં એમનાં પ્રેમદાદી પરાણે ઊભાં થયાં. ખાટલા પરના ગોદડાના પડમાં મૂકી રાખેલી એક ચીજ તેઓ લઈ આવ્યાં. પછી તેમણે કહ્યું કે, "છેલ્લા બે માસથી બાજુવાળાની બકરીને હું ચરાવવા લઈ જતી હતી. તેનાં મળેલાં નાણાંમાંથી મંજુલાને નાતાલની ભેટ આપવા માટે આ સાડી મેં મંગાવેલી છે. લે બેટા મંજુલા, અમારા તરફથી તને આ નાતાલની ભેટ." સાડી લઈને મંજુલા પોતાનાં સાસુને વળગી પડી.

ઘરમાં બધાંને નાતાલની ભેટ મળી ગઈ. પૈસા પણ મળ્યા. પ્રભુએ પુષ્કળ કૃપા કરી. તેથી બીજલે ઘરમાં ગભાણનું દૃશ્ય ગોઠવ્યું. બકુલે ઘર શણગાર્યું. મંજુલાએ મીઠાઈ બનાવી. અને દાદીએ વાત્સલ્યની વર્ષા વરસાવી. આખા કુટુંબે આનંદ સાથે બાળ ઈસુનો આવકાર કર્યો અને આભાર માન્યો.

# ૨૧ નાતાલનાં કાર્ડ (માહિતી)

ઈસુ જન્મનો આનંદ વ્યક્ત કરવાની અનેક રીતો પ્રચલિત છે. એમાંની એક રીત નાતાલનાં કાર્ડ મોકલવાની છે. લોકો પોતાનાં કુટુંબીજનો, સગાંસ્નેહીઓ, મિત્રો અને હિતેચ્છુઓને આવાં કાર્ડ પાઠવે છે. ખાસ કરીને ૨૪મી ડિસેમ્બરથી ૧લી જાન્યુઆરી એટલે કે ઈસુજયંતીથી નવા વરસના દિવસો દરમિયાન આ કાર્ડ મળી જાય એ રીતે રવાના કરવામાં આવે છે.

આ કાર્ડ દ્વારા ઈસુજયંતીના ઉત્સાહનો ઉમળકો દર્શાવવામાં આવે છે.

કાર્ડ નાનાં કે મોટાં, સાદાં કે ડિઝાઇનવાળાં અને સફેદ કે રંગબેરંગી હોય છે. કાર્ડ પર ઈસુના જન્મદિવસને લગતાં બાઇબલનાં વચનો લખવામાં આવેલાં હોય છે. વળી એમાં શુભેચ્છા અને મુબારકબાદીના સંદેશા પણ હોય છે.

કાર્ડમાં ચિત્રો હોય છે. એમાં ઘણું કરીને બાળ ઈસુ હોય છે. તેમનાં દર્શને આવેલા ત્રણ માગીઓ અને નવો ઊગેલો તારો હોય છે. ભરવાડોની સાથે ઘેટાં હોય છે. માતા મરિયમ, પાળક પિતા યોસેફ અને ગભાણનું દશ્ય પણ હોય છે. વળી ઘણાં કાર્ડ પર દેવળનો ઘંટ, સળગતી મીણબત્તીઓ અને બાળકોના પ્યારા ક્રિસ્ટમસ ફાધર પણ દેખા દે છે.

કેટલાંક કાર્ડમાં શુભેચ્છાનાં વાક્યો, કિંમતી વચનો અને સોનેરી સૂત્રો લખેલાં હોય છે. એના વાંચકો માટે શુભેચ્છા ઉપરાંત

પ્રાર્થના પણ રજૂ કરાયેલી હોય છે. અને અગાઉના વર્ષમાં પ્રભુએ દર્શાવેલા ઉપકારો અને આશીર્વાદો માટે આભારસ્તુતિની પ્રાર્થના પણ કરવામાં આવેલી હોય છે.

લોકો પોતાનાં વહાલાંઓ તરફથી કાર્ડની ઇંતેજારી રાખતાં હોય છે. એ કાર્ડ એમના હાથમાં આવે છે. ત્યારે એમના આનંદનો પાર રહેતો નથી.

ઘણી વખત અગાઉથી ચાલ્યા આવતા અબોલા તોડવાનું કામ આ કાર્ડ કરે છે. એ રીતે તૂટેલા સંબંધો ફરીથી સ્થપાય છે. કાર્ડની મારફતે પ્રભુ ઈસુને નામે પવિત્ર ભાવનાઓ પાઠવવામાં આવે છે. એનાથી મૈત્રી, પ્રેમ અને અરસપરસના સંબંધો વધારે દઢ થાય છે.

હવે તો આવાં કાર્ડ નાતાલની ઉજવણીના એક ભાગ તરીકે મોકલવાની પ્રથા અનિવાર્ય થયેલી છે.

***નાતાલનાં આ કાર્ડ અંગે થોડું અવનવું જાણી લઈએ :***

- જૂના સમયમાં ઇજિપ્તમાં બાટલીઓ પર શુભેચ્છા લખીને મોકલવામાં આવતી હતી.
- રોમન લોકો પાન સાથેની જેતૂનની ડાળીની સોનાની પ્રતિકૃતિ બનાવીને નવા વરસની મુબારકબાદી પાઠવતા હતા.
- અભિનંદન કાર્ડની પરંપરા ઇંગ્લેન્ડના પ્રસિધ્ધ નવલકથાકાર ચાર્લ્સ ડિકને કરી હતી એવું મનાય છે.
- દુનિયાનું સૌથી નાનું અભિનંદન કાર્ડ પ્રિન્સ ઓફ વેલ્સે ઈ.સ. ૧૯૨૦માં લંડનના એક ફોન નિર્માતાને મોકલ્યું હતું. તેના પર શાહીથી ૨૨ શબ્દો લખ્યા હતા.
- દુનિયાનું સૌથી મોટામાં મોટું અભિનંદન કાર્ડ વિયેટનામના

યુધ્ધમાં અમેરિકન સૈનિકોને ૧૦ ડિસેમ્બર ૧૯૬૭ના રોજ મોકલવામાં આવ્યું હતું. તેની લંબાઈ ૭ કિલોમિટર જેટલી હતી. એ કાર્ડ પર લાખો લોકોના હસ્તાક્ષરો હતા. તેનું વજન બે ટન જેટલું હતું.

- ઈ.સ. ૧૯૬૩માં અમેરિકામાં ૫૦૦ કરોડ શુભેચ્છા કાર્ડ લખાયાં હતાં. તેની કિંમત ૨૦૦ કરોડ રૂપિયા જેટલી થતી હતી. એની ટપાલ ટિકિટોમાંથી સરકારને ૧૫૦ કરોડ રૂપિયાની આવક થઈ હતી.
- ઈ.સ. ૧૯૭૭-૭૮માં ભારતમાં ૧૫,૬૮,૫૪૮ કાર્ડ મોકલાયાં હતાં.
- ઝેકોસ્લોવેકિયાની સાત વર્ષની એક બાળાએ એક ચિત્ર મોકલ્યું હતું. એના પરથી રાષ્ટ્રસંઘની યુનિસેફ સંસ્થાને કાર્ડ બનાવવાની પ્રેરણા મળી હતી.
- યુનિસેફે બનાવેલાં કાર્ડ ૧૦૦થી વધારે દેશોમાં વેચાય છે. એની આવક રાષ્ટ્રસંઘના બાળકલ્યાણ ફંડમાં જાય છે.

♣ ♣ ♣

# લેખકનાં અન્ય પુસ્તકો

- યુસફ - સંકટોનો સામનો કરનાર
- મુક્તિને માર્ગે (ઈસુ જીવનકથા) પદ્યમાં
- જીવનને જીવી જાણનારા
- મેરીનું બાઈબલ (ત્રિઅંકી નાટક)
- જોસફ વાન સોમરન ટેલર (મિશનરીનું જીવનચરિત્ર)
- છુટકારો (**Here is Freedom**નો અનુવાદ )
- ડેવિડ બાઉમન (મિશનરીનું જીવનચરિત્ર)
- એક કેદીની કથની (**Prisoner's Dairy**નો અનુવાદ )
- પ્રભુના દાસાનુદાસ (શ્રી.એમ.એમ.દાસનું જીવનચરિત્ર)
- મહિલા કથાનકો

## આગામી પુસ્તકો

- ડેમોલ - પ્રથમના ખ્રિસ્તી પરિવારોનો ઈતિહાસ
- જીવનને ઉજાળનારા
- ગાયનના ઉદ્ગાર (ગીતસંગ્રહ)

વાચક ભાઈબહેનો, કુટુંબીજનો, મિત્રમંડળ તથા સ્નેહીજનોને આ વર્ષે અને આગામી વર્ષો માટે નાતાલ તથા નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છાઓ સાથે પ્રેમી સલામ.

- સુરેન્દ્ર આસ્થાવાદી

3BGN2